સુવિચાર

સપનાઓને હકિકત બનાવવી
છે તો આળસ છોડો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



બોટાદના રતનપર ગામે એસએમસી ત્રાટકી: ૧૫૩૨૪ બોટલ વિદેશી દારૂ પકડાયો P-4

Year-16, Issue-266 ■ DATE : 24-02-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશના ૧૨ રાજ્યોમાં ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી

**ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં હવામાન દરેક ક્ષણે બદલાતું રહે છે : હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ સહિતના રાજ્યોમાં વાવાઝોડાની શકયતા**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં, હવામાન દરેક ક્ષણે બદલાતું રહે છે. દિવસે સૂરજનો તાપ, જ્યારે રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આ દરમિયાન, હવામાન વિભાગે દેશભરના ૧૨ રાજ્યોમાં મધ્યમથી ભારે વરસાદની ચેતવણી જારી કરી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, ચક્રવાતી પરિભ્રમણને કારણે દક્ષિણ ભારતના ઘણા રાજ્યોમાં આગામી ત્રણ દિવસમાં વાવાઝોડા અને ભારે વરસાદ પડી શકે છે. દરમિયાન, ઉત્તર-પશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાન આગામી ચાર દિવસમાં ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જે રાજ્યોમાં વરસાદની સંભાવના છે તેમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, સિક્કિમ, તેલંગાણા, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. ઓડિશા, છત્તીસગઢ અને ઝારખંડમાં પણ ૨૬ ફેબ્રુઆરી સુધી વરસાદ પડી શકે છે.

૨૪ ફેબ્રુઆરીએ પશ્ચિમ બંગાળ, ઝારખંડ, સિક્કિમ, આસામ, મેઘાલય અને તેલંગાણામાં વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે. ૨૬ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ઝરમર વરસાદ પડી શકે છે. ૨૬ ફેબ્રુઆરીએ જમ્મુ અને કાશ્મીરમાં હળવો વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે.

મધ્યપ્રદેશના શિવપુરી, રેવા, સિદ્ધિ અને સિંગરૌલી જિલ્લાઓ અને છત્તીસગઢના કોરિયા, સૂરજપુર અને બલરામપુર જિલ્લામાં કરા સાથે હળવા વાવાઝોડા પડશે. પવનની મહત્તમ ગતિ ૪૧-૬૧ કિમી પ્રતિ કલાક સુધી પહોંચશે.

દિલ્હી-એનસીઆરમાં હવામાન સ્વચ્છ રહેશે. સવારે હળવું ધુમ્મસ જોવા મળી શકે છે. દિવસ તડકો રહેશે. AQI ૧૦૦ થી ૧૨૦ ની વચ્ચે રહેશે. આજે દિલ્હીમાં મહત્તમ તાપમાન 290C થી 310C ની વચ્ચે રહેવાની ધારણા છે, અને લઘુત્તમ તાપમાન 120C થી 140C ઓઈ ની વચ્ચે રહેવાની ધારણા છે.

## અમરેલી સહિત રાજયના અનેક જિલ્લામાં માવઠુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયમાં એક સાથે ત્રણ સિસ્ટમ કાર્યરત હોય સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડી-ગરમી, તો ગુજરાતમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. છેલ્લા કેટલાંક દિવસથી પ્રર્વતતુ આવું હવામાન હજુ પણ યથાવત છે. ત્યારે ગઈકાલે પણ સૌરાષ્ટ્ર- ગુજરાતનાં અમુક જિલ્લામાં બપોરે ગરમી બાદ સાંજે કમોસમી વરસાદ વરસ્યો હતો.

ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ અને છોટા ઉદેપુરનાં વિસ્તારમાં કમોસમી વરસાદનાં અહેવાલો છે. જયારે મોડાસા અને




મેઘરજમાં પણ કમોસમી વરસાદ વરસી ગયો હતો.

આ ઉપરાંત અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા અને બગસરામાં પણ માવઠા વરસ્યા હતા. આ અંગે મળતા અહેવાલો મુજબ બંગાળની ખાડીમાં લો પ્રેશર ના કારણે સૌરાષ્ટ્ર તેમજ કચ્છ વિસ્તારમાં વરસાદ તેમજ છુટા છવાયા સ્થળે હળવો વરસાદ અથવા છાંટા પડવાની હવામાન ખાતાની આગાહી છે.

ત્યારે અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં ગઈકાલે સાંજના સમયે વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. બંગાળની ખાડીમાં સર્જાયેલા લો-પ્રેશર અને હવામાન વિભાગની આગાહીના પગલે શહેરના મામલતદાર ઓફિસ મહુવા રોડના વિસ્તારોમાં હળવા વરસાદી છાંટા પડ્યા હતા.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૪/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૪/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૧,૪૧૦ | ₹૩,૦૦,૧૦૦ |
| | +૧૦ | +૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૯૬ | ₹૧૨૨.૭૨ |

## સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણી પહેલા રાજયના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે સંદિપ સુગલેની નિયુક્તિ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતમાં આગામી મહિનાથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીના પડઘમ વાગવાનું શરુ થશે તે પહેલા ચૂંટણી પંચે રાજ્યના મુખ્ય અધિકારી તરીકે આઇએએસ ઓફિસર હારિત શુક્લાના સ્થાને ૨૦૦૭ બેચના આઈએએસ ઓફિસર સંદિપ સુગલેની નિયુક્તિ કરી છે.

સુગલે હાલ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડિરેક્ટર જનરલ છે અને તેઓ હવે પોતાના નવા પદનો કાર્યભાર સંભાળી લેશે. ગુજરાતમાં



ચૂંટણીપંચ દ્વારા મતદાર યાદી ગહન પુનઃ નિરીક્ષણની કામગીરી જે રીતે સફળતાપૂર્વક પાર પાડી તે પછી આ નવી નિયુક્તિ કરી છે.

હારિત શુક્લાએ આ કામગીરી સંભાળી હતી ચૂંટણીપંચે રાજ્ય સરકાર સાથે સંતલત કરીને આ નિર્ણય લીધો છે અને રાજ્ય સરકારને નવનિયુક્ત ચૂંટણી અધિકારી સુગલેને અન્ય તમામ જવાબદારીમાંથી તાત્કાલીક મુક્ત કરવા જણાવાયું છે.

હવે રાજ્ય સરકાર દ્વારા હારિત શુક્લાને નવી નિયુક્તિ અપાશે. રાજ્યમાં આગામી મહિને જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થનાર છે અને તે પૂર્વે આ ફેરફાર મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

## રાંચીથી દિલ્હી જતી રેડબર્ડ એરવેઝની એર એમ્બ્યુલન્સ ક્રેશ થતા સાતના મોત

**મુખ્ય સમાચાર, રાંચી**

ઝારખંડમાં રાંચીથી દિલ્હી જઈ રહેલી એર એમ્બ્યુલન્સ ચતરા જિલ્લામાં ક્રેશ થઈ હતી. વિમાનમાં સવાર તમામ ૭ લોકોના મોત થયા હતા રેડબર્ડ એરવેઝ પ્રાઈવેટ લિમિટેડના આ વિમાને રાંચી એરપોર્ટથી સાંજે ૭.૧૧ વાગ્યે ઉડાન ભરી હતી. જે બાદ પ્લેન ચતરામાં ક્રેશ થઈ ગયું.ચતરાના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું કે ૭.૩૦ વાગ્યે વિમાન સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. જે બાદ સિમરિયા વિસ્તારના બરિયાતુમાં તે ક્રેશ થયું. વિમાનમાં સવાર તમામ ૭



લોકોના મૃતદેહની ઓળખ થઈ ગઈ છે. એક દર્દી ૬૫ ટકા દાઝી ગયા હતા. રાંચીની દેવકમલ હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. જે બાદ તેમને વધુ સારવાર માટે દિલ્હી લઈ જવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને દર્દીને દિલ્હી લઇ જવામાં આવી રહ્યા હતા ત્યારે એર એમ્બ્યુલન્સ ક્રેશ થઇ હતી. રાંચી એરપોર્ટના ડાયરેક્ટર વિનોદ કુમારને પ્લેન ક્રેશ પાછળ ખરાબ વાતાવરણ કારણભૂત હોવાની આશંકા છે. અધિકારીઓએ જણાવ્યું કે ખરાબ વાતાવરણના કારણે પાયલોટે રૂટ બદલવા વિનંતી કરી હતી. પાયલોટે કોલકાતા અઝઈને રિક્વેસ્ટ કરી હતી. જોકે તે બાદ ૭.૩૪ વાગ્યે વિમાનનો સંપર્ક તૂટી ગયો. નોંધનીય છે કે હાલમાં જ બારામતીમાં વિમાન દુર્ઘટના થઈ હતી. એવામાં આ ક્રેશથી ભારતની એવિએશન સુરક્ષાને લઈને ગંભીર સવાલ ઊભા થાય છે.

## અમેરિકામાં બોમ્બ સાયકલોનનો કહેર : પાંચ લાખ ઘરોમાં બત્તી ગુલ

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના ઉત્તર-પૂર્વીય ભાગમાં એક શક્તિશાળી બરફીલા તોફાને ભારે તબાહી મચાવી છે. મેરીલેન્ડથી લઈને મેઈન સુધીના વિસ્તારો બરફની જાડી ચાદર હેઠળ ઢંકાઈ ગયા છે. આ ભીષણ હવામાનને કારણે શનિવારથી મંગળવાર વચ્ચે ૧૦,૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. માત્ર સોમવારે ૫,૦૦૦થી વધુ અને મંગળવાર માટે ૧,૩૦૦થી વધુ ફ્લાઈટ્સ અગાઉથી રદ કરી દેવામાં આવતા હજારો મુસાફરો અટવાયા છે. ન્યૂયોર્કનું , લાગુઆર્ડિયા અને બોસ્ટનનું લોગાન એરપોર્ટ સૌથી વધુ પ્રભાવિત થયા છે. હવામાન વૈજ્ઞાનિકો આ તોફાનને દાયકાનું સૌથી શક્તિશાળી તોફાન ગણાવ્યું છે.

## એપસ્ટેઇન ફાઇલના ગંભીર આરોપોને લઇ રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર કર્યો આકરો પ્રહાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય રાજનીતિમાં વર્ષ ૨૦૨૬નું બજેટ સત્ર માત્ર આર્થિક આંકડાઓ માટે નહીં, પણ એપસ્ટેઈન ફાઈલ્સના ગંભીર આરોપોને કારણે ઈતિહાસમાં નોંધાઈ જશે. વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક સનસનાટીપૂર્ણ વીડિયો પોસ્ટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સીધો હુમલો કર્યો છે. રાહુલે આરોપ લગાવ્યો કે, જેફરી એપસ્ટેઈન જેવા જઘન્ય ગુનેગાર સાથે જોડાયેલી ફાઈલો અને ઈમેલ્સમાં વડાપ્રધાન, તેમના મંત્રીઓ અને ખાસ મિત્ર અદાણીના નામ દેખાઈ રહ્યા છે. તેમણે પીએમ મોદીને પડકારતા કહ્યું કે, ''મોદીજી, તમે શરમની વાત કરો છો? પણ એક આંતરરાષ્ટ્રીય ગુનેગાર સાથે તમારું નામ જોડાવું એ જ સૌથી મોટી શરમજનક બાબત છે.'' આ નિવેદને દેશભરના રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. રાજધાની દિલ્હીમાં ચાલી રહેલા ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં પણ આ વિવાદની આગ પહોંચી હતી. કોંગ્રેસ યુવા પાંખના કાર્યકરોએ ભારત-અમેરિકા વેપાર કરારનો વિરોધ કરવા માટે શર્ટલેસ (અર્ધવસ્ત્ર) થઈને પ્રદર્શન કર્યું, જેના પર પીએમ મોદીએ મેરઠની રેલીમાં આકરો કટાક્ષ કરતા તેને નગ્ન રાજનીતિ અને કોંગ્રેસની વૈચારિક નાદારી ગણાવી હતી. તેના જવાબમાં રાહુલે ખેડૂતો અને કાપડ ઉદ્યોગના હિતો સાથે ચેડા કરવાનો આરોપ લગાવીને કહ્યું કે, પીએમ મોદી લોકશાહી વિરોધથી ડરી રહ્યા છે અને તેથી જ તેઓ સંસદમાં આવવાનું ટાળી રહ્યા છે. સંસદમાં પણ હરદીપ સિંહ પુરી અને અનિલ અંબાણીના નામ એપસ્ટેઈન કેસમાં ઉછળતા વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો, જેના પરિણામે ગૃહની કાર્યવાહી વારંવાર સ્થગિત કરવી પડી હતી. રાહુલ ગાંધીએ અદાણી ગ્રુપ અને અમેરિકા સાથેના વેપાર કરારને દેશના ડેટા અને આર્થિક સુરક્ષા માટે મોટું જોખમ ગણાવ્યું છે.

# રાજકોટનું જંગલેશ્વર બન્યું મેદાનઃ ડિમોલીશનની કાર્યવાહી આજે પણ ચાલુ

**બપોર સુધીમાં મહાનગરપાલિકા દ્વારા ૧૨૨૪ બાંધકામોનું દબાણ દૂર કરાયું : મનપા, પોલીસ તેમજ પીજીવીસીએલની સુંદર કામગીરી : સાંજ સુધીમાં બાકી રહેલા મકાનો તોડી પડાશે**







તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના સંવેદનશીલ જંગલેશ્વર વિસ્તારમાં ગઈકાલે મહાપાલિકા અને પોલીસ તંત્રએ શરૂ કરેલા મેગા ડિમોલીશનમાં ગત સાંજ સુધીમાં ૧૧૧૯ ગેરકાયદે મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. બાદ આજે સવારથી ફરી તંત્રએ સાધનો અને સ્ટાફને દોડાવીને બાકીના ૩૭૦ મળી કુલ ૧૪૮૯ બાંધકામો જમીનદોસ્ત કરવા ઓપરેશન આગળ વધારતા સવારે ૧૦ વાગ્યે ૧૧૩૪ બાંધકામ હટાવી દેવામાં આવ્યાનું સવારે કોર્પોરેશને જણાવ્યું હતું.

હવે આજે સાંજ સુધીમાં નદીના પટ અને ટીપી રોડ પરની મળી ૮૭ હજાર ચો.મી. વિસ્તારમાં તમામ દબાણો સાફ થઇ જશે તેમ માનપાના અધિકારીઓએ જણાવ્યું હતું આજે જંગલેશ્વરના આ ભાગમાં કાટમાળના જંગલ ખડકાઇ ગયાનું દેખાતું હતું. જે હટાવવાની કામગીરી ઘણા દિવસો ચાલશે.

દરમ્યાન હવે ખુલ્લા થયેલા ટીપીના ૧૫ મીટરના રસ્તા પર ૭ દિવસમાં ડામર કામ શરૂ કરી દેવા તંત્રની ગણતરી છે. તો નદીના પટ્ટ ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ પણ તુરંતમાં શરૂ કરવા તૈયારી થવા લાગી છે.

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત સાથે ગઇકાલે સવારથી જ મનપા ટીપી શાખાનો કાફલો ત્રાટક્યો હતો અને ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. આજી નદીના કાંઠે તેમજ મેઈન રોડ પરના આશરે ૧૪૮૯ જેટલા દબાણો વર્ષોથી ઉભા થઈ ગયાં હતાં. અહીં માત્ર ગરીબ પરિવારો જ વસવાટ કરતા ન હતો પરંતુ અમૂક ભૂમાફિયાઓ દ્વારા નદીના પટમાં સરકારી જમીન ઉપર કાચા-પાકા મકાનો તેમજ ઓરડીઓ બનાવી પરપ્રાંતિયોને ભાડે આપીને મહિને ભાડું લઈને તગડો ધંધો કરવામાં આવતો હોવાનું વર્ષો બાદ તંત્રના ધ્યાનમાં આવ્યું હતું. જેસીબી મશીનોએ આ તમામ ઓરડીઓને જમીનદોસ્ત કરી દીધી હતી.

મ્યુનિ.તંત્ર દ્વારા અગાઉ કુલ ૧૫૦૦ જેટલી મિલકતોને ડિમોલિશનની નોટીસ આપવામાં આવી હતી જેમાં આજે આજી નદીના પટ્ટમાં ૯૯૭માંથી ૬૮૧ દબાણો દૂર કરાયાં હતાં, અમુક મિલકતોનો અમુક ભાગ ડિમોલિશનમાં જતો હોવાથી તે હિસ્સો કોંક્રિટ મશીનથી દૂર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય ૩૮૧ મિલકતોને સંપૂર્ણ ધ્વસ્ત કરવામાં આવી હતી. સોરઠીયા વે-બ્રીજથી છેક કોઠારીયા રોડ પર કેદારનાથ પાછળના ભાગ સુધી એકતા કોલોની, જંગલેશ્વરની ૩૦ શેરીઓ, સરદાર પટેલ સ્મશાનથી શરૂ કરીને ૧૫ મીટરના રસ્તે, બુદ્ધનગર-૧થી રાધાકૃષ્ણનગર શેરીનં.૧૮માં આ ડિમોલીશન હાથ ધરાયું હતું.

હજુ ૩૭૦ જેટલા મકાનોને તોડવાના બાકી હોવાથી આજે ફરી મેગા ડિમોલિશન ચાલુ છે. જે લોકોના મકાનો ધરાશાયી થયાં છે તેઓને આવાસ યોજનામાં વૈકલ્પિક આવાસ ફાળવવા કે કેમ? તે અંગે ડે.કમિશનર મહેશ જાનીએ જણાવ્યું હતું કે, જેઓ પાત્રતા ધરાવતા હશે તેઓ માટે આવાસોની વ્યવસ્થા નિયમ મુજબ થશે. ગત સવારથી જ જંગલેશ્વર વિસ્તારમાં સોપો પડી ગયો હતો અને ટોળેટોળા શેરીઓમાં ઉમટી પડાં હતાં, અગાઉ કુલ ૧૦૨૬ જેટલા રહેવાસીઓએ સ્વૈચ્છિક દબાણો દૂર કરીને પોતાનો સામાન ખાલી કરી નાખ્યો હતો. જેઓએ દબાણો હટાવ્યાં ન હતાં તેઓના ચહેરા ઉપર ચિંતા જોવા મળી રહી હતી. પોતાના ઘરના ડિમોલિશનનો હમણા વારો આવશે તેને લઈને શેરીઓમાં મહિલાઓના મુખ ઉપર વેદના જોવા મળી હતી. અમુક મહિલાઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી. કેટલાક લોકો આસપાસની અગાશી ઉપર ચડીને ડિમોલિશનની આ કાર્યવાહી નિહાળી હતી. આજે પણ ચુસ્ત બંદોબસ્ત યથાવત છે. શહેરના સંવેદનશીલ જંગલેશ્વર વિસ્તારમાં ગઇકાલે વ્હેલી સવારથી મોડી સાંજે ડિમોલીશન ચાલ્યુ હતું. બાદમાં આજે સવારે ફરી બુલડોઝર પહોંચ્યા હતા અને બાકીના ગેરકાયદે બાંધકામ તોડવા કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ વિસ્તાર આજે પણ સુમસામ સાથે ખેદાનમેદાન જેવો જોવા મળતો હતો અને કાટમાળના ઢગલા જોવા મળતા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગરમાં પ્રથમ વખત નેશનલ સિક્યોરીટી ગાર્ડ NSG દ્વારા રાષ્ટ્રીય કક્ષાની કાઉન્ટર ટેરરિસ્ટ એક્સરસાઈઝ યોજાશે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં પ્રથમ વખત નેશનલ સિક્યોરીટી ગાર્ડ દ્વારા જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી રાષ્ટ્રીય કક્ષાની કાઉન્ટર ટેરેરીસ્ટ એક્સરસાઈઝ યોજવામાં આવશે. આ સંદર્ભે કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેકટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં વિવિધ વિભાગો વચ્ચે સમન્વય અને જરૂરી તૈયારીઓ અંગે ચર્ચા કરવા બેઠક યોજાઈ હતી.બેઠક દરમિયાન એન.એસ.જી.ના અધિકારીઓ દ્વારા મોકડ્રીલના ઉદ્દેશ્યો, પ્રક્રિયા અને સલામતી સંબંધિત માર્ગદર્શિકા અંગે વિગતવાર સમજુતી આવી હતી. આ અભ્યાસનો મુખ્ય હેતુ આપત્તિ કે આતંકવાદી પરિસ્થિતિ સર્જાય ત્યારે તાત્કાલિક અને અસરકારક પ્રતિસાદ સુનિશ્ચિત કરવાનો છે. મોકડ્રિલ દરમિયાન આતંકવાદી હુમલા જેવી આકસ્મિક પરિસ્થિતિમાં ત્વરિત રિસ્પોન્સ, બચાવ અને રાહત કામગીરી કેવી રીતે સંચાલિત કરવી તે અંગે કામગીરીનું પ્રાયોગિક મૂલ્યાંકન કરવામાં આવશે. વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન, સંચાર વ્યવસ્થા અને આપાતકાલીન પ્રતિસાદ ક્ષમતા વધારવાનો આ અભ્યાસનો મુખ્ય હેતુ છે.કલેક્ટરએ જણાવ્યું હતું કે, આ પ્રકારની મોકડ્રીલથી જિલ્લાની સુરક્ષા વધુ સતર્ક અને સજ્જ બને છે. તેમજ કોઈ પણ અનિચ્છનીય પરિસ્થિતિમાં અસરકારક કામગીરી શક્ય બનશે. મૉકડ્રિલ દરમિયાન પોલીસ વિભાગ, આરોગ્ય વિભાગ, ફાયર બ્રિગેડ,હોમગાર્ડ, મ્યુનિસિપલ કોર્પોરેશન સહિતના સંબંધિત વિભાગો વચ્ચે સંકલન જાળવી સમયસર કાર્યવાહી કરવી અત્યંત આવશ્યક છે. આ માટે તમામ વિભાગોને પોતાની ફરજ અને જવાબદારીઓ અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે જામનગર જિલ્લામાં અગાઉ પણ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલ યોજવામાં આવી હતી. ઉપરાંત સમયાંતરે પણ કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સુરક્ષા અને વહીવટીતંત્રની સતર્કતા વધુ મજબુત બને, ઉપલબ્ધ સાધનો, સંચાર વ્યવસ્થા અને માનવબળની કાર્યક્ષમતાની પ્રાયોગિક તપાસ થાય તે પ્રકારે મોકડ્રીલ્સનું આયોજન હાથ ધરવામાં આવતું હોય છે. પરિણામે કોઈપણ અનિચ્છનીય પરિસ્થિતિનો સામનો કરવા જામનગર જિલ્લો સંપૂર્ણ સજ્જ છે.જામનગર જિલ્લો સેનાની ત્રણેય પાંખો, ઓઈલ રિફાયનરી, ઓદ્યોગિક એકમો અને દરિયાકિનારો ધરાવતો હોવાથી રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ છે. જામનગરમાં પ્રથમ વખત નેશનલ સિક્યોરીટી ગાર્ડ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની કાઉન્ટર ટેરરિસ્ટ એકસરસાઈઝ યોજવામાં આવશે. ત્યારે આ પ્રકારની મોકડ્રિલથી આપત્તિ વ્યવસ્થાપન ક્ષમતા વધુ મજબૂત બનશે.જિલ્લા પ્રશાસન દ્વારા નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે કે મોકડ્રીલ દરમિયાન શાંતિ જાળવી પ્રશાસનને સહકાર આપે અને કોઈપણ અફવા પર વિશ્વાસ ન કરે. આ અભ્યાસ સંપૂર્ણપણે સુરક્ષા તૈયારીઓનો ભાગ છે. આવી મોકડ્રીલ્સ સમયાંતરે યોજાતા રહેવાના કારણે જામનગર જિલ્લો સુરક્ષાની દ્રષ્ટિએ સજ્જ અને સક્રિય છે.આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈની, નિવાસી અધિક કલેક્ટર શારદા કાથડ, નાયબ મ્યુનીસીપલ કમિશ્નર ઝાલા, પ્રાંત અધિકારીઓ તથા સબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાની સરકારી હોસ્પિટલમાં પંખામાં કબૂતર આવી જતા તેની સારવાર કરાઈ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉનાના સરકારી હોસ્પિટલ અધિક્ષક ડૉ.એન.કે.મિશ્રા તેમજ આર.એમ.ઓ ડૉ.મીત ડોડીયા દ્વારા અવાર નવાર સૂચના અને માર્ગદર્શન આપવામાં આવતું હોયજે દર્દીઓની ની સેવાની સાથે સાથે ઇન્જર્ડ પશું પક્ષીઓ ની પણ સેવા કરવા સૂચના આપવામાં આવતી હોય જેના અનુસંધાને આજ રોજ સાંજના સમયે કબુતર ઉડી ને હોસ્પિટલ માં આવતા અને ફરી ઉડવા જતા સાલુ પંખા સાથે અથડાય જતા લોહી લુહાણ હાલત માં નીશે પડી ગયેલ જેને જોતા હોસ્પિટલ સ્ટાફ કર્મચારી જયેશ સોલંકી અને વિશાલ સોલંકી દ્વારા તેની સારવાર કરી અને ડ્રેસિંગ કરી અને પસી તેને વધુ સારવાર મળે તે માટે ફોરેસ્ટ સ્ટાફ ને કોલ કરી જાણ કરતા તેને ફોરેસ્ટ સ્ટાફનો સોંપી દીધેલ હતું

# ઉનાના દેલવાડા ગામે મામલતદારે ગેરકાયદેસર રેતી ભરેલ ટ્રેક્ટર ઝડપી પાડ્યું

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉનાના દરિયાઈ વિસ્તારમાં ખનીજ માફીઆઓ દરિયાઈ પટ્ટીઓ માંથી બેફામ રેતી ચોરી કરી અને વેચી મારતા નજરે પડે છે આવા ખનીજ માફીયાઓને પકડવા તંત્ર પણ સજ બન્યું છે અને રાત્રી દરમિયાન જે રેતી ભરેલા ટ્રેક્ટરો નીકળે છે તેવા ગેરકાયદેસર ટ્રેક્ટર અને ઝડપી પાડી અને કાર્યવાહી કરે છે ત્યારે આજે તાલુકાના દેલવાડા ગામે દરિયાઈ પટ્ટી માંથીરેતી ભરેલું ટ્રેક્ટર નીકળતા ઉના મામલતદાર એ તેને રોકાવતા તેના પાસે કોઈ પુરાવા ન મળતા એને ઝડપી પાડી ચાર લાખથી વધુ નો મુદ્દા માલ કબજે કરી મામલતદાર એ કાયદેસરની કાર્યવાહી કરી છે

# ITRA જામનગર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે વર્કશોપનું આયોજન

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ-૨૦૨૬ નિમિત્તે ITRA જામનગર દ્વારા ''લાઈવ STEM વર્કશોપ''નું આયોજન કરવામાં આવ્યું છે. ધન્વંતરિ મેદાન ITRA ખાતે. યોજાઈ રહેલા આ ચાર દિવસીય કાર્યક્રમમાં જામનગર મહાનગરપાલિકા હેઠળની સરકારી શાળાઓના ધોરણ ૬ થી ૧૦ ના આશરે ૪૦૦ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. આ વર્કશોપનો સંપૂર્ણ ખર્ચ ITRA, જામનગર દ્વારા ઉઠાવવામાં આવ્યો છે.આ વર્કશોપમાં વિદ્યાર્થીઓ વિજ્ઞાન, ટેકનોલોજી, ઈજનેરી અને ગણિત વિષયના નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ વિવિધ શૈક્ષણિક અને રસપ્રદ રમકડાં બનાવશે. આ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં STEM વિષયો પ્રત્યે જાગૃતિ અને રસ વધારવાનો હેતુ છે. STEM વર્કશોપ ઉપરાંત, ITRA દ્વારા આયુર્વેદ પ્રદર્શનનું પણ આયોજન કરાયું છે. આ પ્રદર્શનનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં ભારતની પરંપરાગત ચિકિત્સા પદ્ધતિ - આયુર્વેદ વિશે જાગૃતિ લાવવાનો છે. વિદ્યાર્થીઓ આયુર્વેદના વૈજ્ઞાનિક સિદ્ધાંતો, વિવિધ સારવાર પદ્ધતિઓ અને ઔષધીય વનસ્પતિઓના ગુણધર્મો વિશે માહિતી મેળવી શકશે.આ કાર્યક્રમ માટે ITRA દ્વારા જામનગર મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિ મારફતે વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પ્રવેશ પાસનું વિતરણ કરવામાં આવ્યું છે. આ વર્કશોપ એમ. ડી. મહેતા વિજ્ઞાન કેન્દ્ર, ધ્રોલના સહયોગથી યોજાઈ રહ્યો છે.આ કાર્યક્રમનું ઉદઘાટન જામનગરના કલેક્ટર કેતન ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ITRAના ડાયરેક્ટર અને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ-૨૦૨૬ આયોજન સમિતિના અધ્યક્ષ ડૉ. તનુજા નેસારી ઉપસ્થિત રહ્યા હતા.અતિથિ વિશેષ તરીકે નંદવિદ્યા નિકેતનના પ્રિન્સિપાલ રાધેશ્યામ પાંડે, સંકલ્પના પ્રમુખ લેખક અને સંચાલક ડૉ. દીપક પાંડે, તેમજ વિજ્ઞાન કેન્દ્ર ધ્રોલના પ્રોગ્રામ ઓફિસર સંજય પંડ્યા પણ હાજર રહ્યા હતા. આ સમગ્ર માસ દરમિયાન ચાલનારી પ્રવૃત્તિઓનું આયોજન ITRA ડાયરેક્ટરના માર્ગદર્શન હેઠળ બાયોકેમિસ્ટ્રી લેબોરેટરીના વડા ડૉ. ગોપીનાથ અગ્નિહોત્રમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# સરકાર રવિ સીઝન ૨૦૨૫-૨૬ અંતર્ગત ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદી કરશે

## ચણા માટે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫,૮૭૫ અને રાયડા માટે પ્રતિ ક્વિન્ટલ રૂ.૬,૨૦૦ ટેકાનો ભાવ જાહેર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર,ભારત સરકાર દ્વારા રવિ સિઝન વર્ષ ૨૦૨૫-૨૬ માટે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે પાકની ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ચણા માટે પ્રતિ ક્વિન્ટલ રૂ.૫૮૭૫ અને રાયડા માટે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૬૨૦૦ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે. ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.જામનગર જિલ્લાના જે ખેડૂતો ચણા અને રાયડાનું ટેકાના ભાવે વેચાણ કરવા માંગતા હોય તેઓ તા.૫ માર્ચ સુધી ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી VCE મારફતે નોંધણી કરાવી શકશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીના વાંકાનેર દરવાજા નજીક જાહેરમાં જુગટુ રમતા ૬ બાઝીગર ઝબ્બે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના વાંકાનેર દરવાજા નજીક વાળંદ સમાજની વાડી પાસે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે નસીબ આધારી પૈસાની હારજીતનો તીનપત્તિનો જુગાર રમતા સબીરહુશેન ઉર્ફે સબલો કાસમભાઇ કુરેશી ઉવ.૩૭ રહે.સીપાઇ વાસ સિદિકિ મસ્જિદની સામે મોરબી, મહેબુબભાઇ હુસેનભાઇ શેખ ઉવ.૫૪ રહે.કાલીકા પ્લોટ શેરી નં ૦૪ મોરબી, અલ્તાફભાઇ સીકંદરભાઇ સમા ઉવ.૫૮ રહે.જમાદાર શેરી ગ્રીન ચોક મોરબી, તૈયબભાઇ ઇસ્માઇલભાઇ ખુરેશી ઉવ.૬૮ રહે.કબીર ટેકરી શેરી નં ૦૩ મોરબી, અબ્દુલભાઇ કાદરભાઇ સમા ઉવ.૫૦ રહે.જમાદાર શેરી ગ્રીન ચોક મોરબી તથા આરીફખા કાસમખા ખોરમ ઉવ.૪૦ રહે ન્યુ જનકનગર ગીતા મીલ સામે પંચાસર રોડ મોરબી વાળાને રોકડા રૂ.૧૬,૦૦૦/- સાથે રંગેહાથ ઝડપી લેવાયા છે. આ સાથે સીટી એ ડિવિઝન પોલીસે પકડાયેલ તમામ જુગારીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી પોક્સો કોર્ટનો ચુકાદોઃ સગીરાના અપહરણ-દુષ્કર્મમાં મુખ્ય આરોપીને આજીવન, સહઆરોપીઓને ૫ વર્ષની સજા

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી વર્ષ ૨૦૧૬માં વાંકાનેર પંથકમાં બનેલા અરેરાટીભર્યા પોક્સો કેસમાં મોરબીની સ્પેશિયલ પોક્સો કોર્ટે દાખલરૂપ અને કડક ચુકાદો આપ્યો છે. જેમાં ૧૫ વર્ષની સગીરાનું અપહરણ કરી વાડીમાં ખાડો ગાળી તેમાં ગોંધી રાખીને વારંવાર દુષ્કર્મ આચરનાર મુખ્ય આરોપીને કુદરતી આયુષ્ય સુધીની આજીવન સખત કેદ ફટકારવામાં આવી છે. જ્યારે અપહરણમાં મદદ કરનાર ૬ આરોપીઓને ૫ વર્ષની સખત કેદની સજા સંભળાવવામાં આવી છે. આ ઉપરાંત પીડિતાને ચાર લાખ રૂપિયાનું વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

મોરબીની સ્પેશિયલ પોક્સો કોર્ટ દ્વારા વર્ષ ૨૦૧૬ માં વાંકાનેર પંથકમાં બનેલા હેવાનિયત ભર્યા ગુનામાં મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. આ કેસની સુનાવણી વિશેષ ન્યાયાધીશ પોક્સો કેસ અને અધિક સેશન્સ જજ કમલ રસીકલાલ પંડ્યા સાહેબની ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટમાં ચાલી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, તા.૧૧/૧૧/૨૦૧૬ ના રોજ રાત્રે અઢી વાગ્યાના અરસામાં ૧૫ વર્ષની સગીરા પોતાના ઘરની બહાર શૌચક્રિયા માટે નીકળી હતી. તે દરમિયાન નરેશ ઉર્ફે મહેશ જયંતીભાઈ સોલંકી અને તેના સાગરીતોએ એકસંપ કરી સગીરાનું મોઢું દબાવી અપહરણ કર્યું હતું. બાદમાં છકડા રિક્ષામાં બેસાડી વાડીમાં લઈ જઈ શેઢે ખાડો ખોદીને તેમાં સગીરાને ગોંધી દીધી હતી અને ઉપર પતરાં તથા ધૂળ ઢાંકી દીધી હતી. આ રીતે સગીરાને તા.૧૩/૧૨/૨૦૧૬ સુધી, એટલે કે એક મહિનાથી વધુ સમય સુધી ખાડામાં કેદ રાખવામાં આવી હતી. આ દરમિયાન મુખ્ય આરોપી નરેશ ઉર્ફે મહેશે સગીરા સાથે વારંવાર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું, જેના કારણે સગીરા ગર્ભવતી પણ બની હતી. આ મામલે વાંકાનેર તાલુકા પોલીસ મથકે ગુનો નોંધ્યો હતો અને તપાસ હાથ ધરવામાં આવી હતી.

કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ એન.ડી. કારીયાએ તબીબી પુરાવા, ડી.એન.એ. રિપોર્ટ તેમજ ભોગ બનનારાની સ્પષ્ટ અને દ્રઢ જુબાની કોર્ટ સમક્ષ રજૂ કરી હતી. તમામ પુરાવાઓને આધારે કોર્ટે આરોપીઓને દોષિત ઠેરવતા કડક સજા ફટકારી છે. આરોપીઓને ફટકારાયેલી સજામાં મુખ્ય આરોપી નરેશ ઉર્ફે મહેશ જયંતીભાઈ સોલંકીને દોષિત ઠેરવી કુદરતી આયુષ્ય સુધીની આજીવન સખત કેદ અને રૂ.૨૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય ૬ આરોપીઓ કે જેમાં આરોપી હરેશ જયંતીભાઈ સોલંકી, જયંતીભાઈ મેરૂભાઈ સોલંકી, દેવકરણભાઈ મસાભાઈ સોલંકી, અવચરભાઈ રણછોડભાઈ સોલંકી, ચનાભાઈ રણછોડભાઈ સોલંકી અને કિશોરભાઈ જગદીશભાઈ સોલંકીને અપહરણમાં મદદ કરવા બદલ ૫ વર્ષની સખત કેદ અને રૂ.૫ હજાર દંડની સજા ફટકારવામાં આવી છે. આ કેસના આરોપી ચતુરભાઈ મેરૂભાઈ સોલંકીનું અવસાન થતાં તેમની સામેનો કેસ એબેટ કરવામાં આવ્યો હતો. આ સિવાય પીડિતાને ગુજરાત વિક્ટિમ કમ્પેન્સેશન સ્કીમ હેઠળ રૂ.૪ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે.

# જામનગર પતિએ શારીરિક-માનસિક ત્રાસ આપતા પત્નીએ દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ઘરેલુ કલહનો વધુ એક ગંભીર બનાવ સામે આવ્યો છે. શહેરના સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા ગુન્હા મુજબ, પતિ દ્વારા અવારનવાર માનસિક અને શારીરિક ત્રાસ આપતા પત્નીએ દવા પી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૮૫, ૧૧૫(૨) અને ૩૫૨ હેઠળ ગુનો નોંધ્યો છે અને તપાસ હાથ ધરવામાં આવી છે.જામનગરમાં સીટી સી ડીવીજન પોલીસ દફતરમાં નોંધાયેલ પોલીસ ફરિયાદ અનુસાર, બનાવ બેડી રીંગ રોડ નજીક નીલકંઠ પાર્ક શેરી નં-૦૪ ખાતે ફરિયાદીના નિવાસસ્થાને બન્યો હતો. ફરિયાદી હીનાબેન જીગ્નેશભાઈ મરદાણીયા ઉ.વ.૩૦, ઘરકામ કરતી હોવા સાથે નીલકંઠ પાર્કમાં રહે છે. આરોપી તરીકે તેમના પતિ જીગ્નેશભાઈ દેવકરણભાઈ મરદાણીયા ઉ.વ.૩૦નું નામ નોંધાયું છે.

ફરિયાદ મુજબ, લગ્નના છ માસ બાદથી ઘરકામ બાબતે તેમજ સંતાન ન થવા મુદ્દે આરોપી દ્વારા વારંવાર ગાળો આપી અને મારપીટ કરી માનસિક તથા શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. સાસુ-સસરાને દેરના ઘરે મુકવા બાબતે બોલાચાલી થતાં આરોપીએ ફરીયાદીને ઝાપટો મારી ગાળો આપી મારપીટ કરી હતી. આથી વ્યથિત થઈ ફરીયાદીએ દવા પી લીધી હતી. તત્કાલ પરિવારજનો દ્વારા તેમને જી.જી. હોસ્પિટલ ખાતે સારવ-ાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓ સારવાર હેઠળ હોવાનું જાણવા મળે છે.આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસ શરૂ કરી છે. આ બનાવની તપાસ એ.એસ.આઈ. એચ. મકવાણા દ્વારા હાથ ધરવામાં આવી છે. પોલીસે સમગ્ર મામલે વધુ પૂછપરછ અને પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી શરૂ કરી છે. ઘરેલું હિંસા અને માનસિક ત્રાસ જેવી ઘટનાઓ સમાજ માટે ચિંતાજનક છે. પરિવારજનો અને સમાજે આવા મુદ્દાઓમાં સંવાદ અને સમજૂતીનો માર્ગ અપનાવવો જરૂરી છે. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે. ઘટનાએ શહેરમાં ચર્ચા જગાવી છે અને મહિલાઓની સુરક્ષા મુદ્દે ફરી એકવાર પ્રશ્નો ઊભા કર્યા છે.


# મોરબી મહાનગરપાલિકાનો પ્રજાલક્ષી નિર્ણય : ટેક્સમાં કોઈ વધારો નહીં


**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કરના દરો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં મિલકત વેરા, પાણી વેરા સહિત કોઈપણ કરમાં વધારો કરવામાં આવ્યો નથી. પ્રજાલક્ષી અભિગમ સાથે નાગરિકોને આર્થિક રાહત આપતા વિકાસ કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી છે. મોરબી મહાનગરપાલિકાના વહીવટદાર અને કમિશનરે જાહેર કર્યું છે કે ૨૦૨૬-૨૭ના વર્ષ માટે શહેરમાં કોઈપણ પ્રકારના ટેક્સમાં વધારો કરવામાં આવશે નહીં. ઝીરો ટેક્સ વધારો રાખીને નગરજનો પર વધારાનો બોજ ન મૂકવાનો નિર્ણય લેવાયો છે. મહાનગરપાલિકાએ ટેક્સ વધારવાને બદલે સરકારની વિવિધ ગ્રાન્ટો અને જૂની બાકી વસૂલાત પર ભાર મૂકી રસ્તા, ગટર અને પાણી જેવી મૂળભૂત સુવિધાઓમાં સુધારો કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. મોંઘવારીના સમયમાં મધ્યમ અને શ્રમિક વર્ગને રાહત મળે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. સમયસર વેરો ભરનારા નાગરિકો માટે એડવાન્સ ટેક્સ રિબેટ યોજના યથાવત રાખવામાં આવી છે. ૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર સુધી મિલકત વેરા પર ૧૦% રિબેટ આપવામાં આવશે. નાગરિકો મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઈટ અથવા મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશન મોબાઈલ એપ દ્વારા ઓનલાઈન ટેક્સ ભરી આ લાભ મેળવી શકે છે. મહાનગરપાલિકા તંત્રએ અપીલ કરી છે કે, ટેક્સમાં વધારો ન કરવાની રાહતના બદલામાં નાગરિકો પોતાનો બાકી વેરો સમયસર ભરી શહેરના વિકાસમાં સહયોગ આપે.

# મોરબી સબજેલમાં કેન્ટિનની શરૂઆત, બંદીવાનોને જીવન જરૂરિયાતની વસ્તુઓ હવે કૂપનથી જેલમાં જ ઉપલબ્ધ

**મુખ્ય સમાચાર, મોરબી**





મોરબી સબજેલમાં લાંબા સમયથી કેન્ટિનની સુવિધાનો અભાવ હતો, જેના કારણે બંદીવાનોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. જેલ ઇન્ચાર્જ અધિક્ષક એચ.એ. બાબરિયાના પ્રયત્નોથી હવે સબજેલમાં કેન્ટિન શરૂ કરવામાં આવી છે. બંદીવાનો કૂપન મારફતે રોજિંદી જરૂરી વસ્તુઓ ખરીદી શકશે. આ સાથે કેન્ટિનના લોકાર્પણના પ્રથમ ત્રણ કલાકમાં જ રૂ.૪ હજારનું વેચાણ નોંધાયું હતું.

મોરબી સબજેલ બન્યા બાદ અહીં ઘણી મૂળભૂત સુવિધાઓનો અભાવ રહ્યો હતો. દિવસે દિવસે બંદીવાન ભાઈ-બહેનોને પડતી મુશ્કેલીઓને દૂર કરવા જેલ પ્રશાસન દ્વારા પ્રયત્નો હાથ ધરાયા હતા. આ પ્રયત્નોના પરિણામે હવે સબજેલમાં નિયમોનુસાર કેન્ટિનની સુવિધા શરૂ કરવામાં આવી છે. જેલ ઇન્ચાર્જ અધિક્ષક એચ. એ. બાબરિયાની જહેમત બાદ શરૂ કરાયેલી આ કેન્ટિનમાં બંદીવાનો કૂપન પદ્ધતિથી જીવન જરૂરીયાતની નાની-મોટી વસ્તુઓ ખરીદી શકશે. જેમાં નહાવાના સાબુ, કપડા ધોવાના સાબુ, શેમ્પૂ, વિવિધ પ્રકારના બિસ્કિટ, વેફર્સ, ચવાણું, આઈસ્ક્રીમ, કુલ્ફી, કોલ્ડ્રીંક્સ સહિત જેલમાં પ્રતિબંધિત ન હોય તેવી તમામ જરૂરી ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. આ વસ્તુઓ બહારના ભાવસર જ જેલમાં ઉપલબ્ધ રહેશે. ખાસ કરીને બહારગામના બંદીવાનોને હવે કોઈ વસ્તુ માટે પરિવારજનોને ધક્કા ખવડાવવાની જરૂર નહીં રહે. કૂપન સિસ્ટમ દ્વારા તેઓ જરૂર મુજબ ગમે ત્યારે જરૂરી ચીજવસ્તુ મેળવી શકશે.

હાલ મોરબી સબજેલમાં ૩૩૭ ભાઈઓ અને ૧૩ બહેનો મળી કુલ ૩૫૦ બંદીવાનો છે. તેમના પરિવારજનો મોરબી સબજેલ ખાતે મની ઓર્ડર દ્વારા રૂપિયા જમા કરાવી એડવાન્સમાં કૂપન મેળવી શકશે. અત્યાર સુધીમાં કુલ રૂ.૪૫ હજારના કૂપન લેવામાં આવ્યા છે અને કેન્ટિનના લોકાર્પણના માત્ર ત્રણ કલાકમાં જ રૂ.૪ હજારની ચીજવસ્તુઓનું વેચાણ થયું હોવાનું જાણવા મળ્યું છે. બંદીવાનો દ્વારા જેલ પ્રશાસનના આ નિર્ણયને આવકારવામાં આવ્યો છે. લાંબા સમય બાદ શરૂ થયેલી આ કેન્ટિનનું લોકાર્પણ આજે ઇન્ચાર્જ અધિક્ષક એચ. એ. બાબરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

# શાપરમાં શીતળા માતાના મંદિર પાસે રહેતી પરિણીતાએ જાત જલાવીઃ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર માવતરે રહેવા રોકાવા ગયેલી ૨૮ વર્ષીય પરિણીતાને સતત મરી જવાનો વિચાર આવતા અગ્નિસ્નાન કરી લીધો હતો. જોકે રાજકોટ સારવાર દરમિયાન તેણી દમ તોડી દેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગેની મળતી માહિતી મુજબ, શાપરમાં શીતળા માતાના મંદિર પાસે રહેતા ચાર્મીબેન મયુરભાઈ લુણાસરીયા (ઉ.વ. ૨૮) ગત ૧૭મી ફેબ્રુઆરીના જામનગરના રામેશ્વર ચોક વિસ્તારમાં આવેલા પોતાના પિતા જગદીશ બારોટના ઘરે શરીરે કલરકામમાં વપરાતું ટર્પેન્ટાઈન નામનું કેમિકલ છાંટી આગ ચાંપી દીધી હતી. જામનગર બાદ પરિણીતાને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. જોકે, સારવાર કારગત ન નીવડતાતેણીએ દમ તોડયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં અને પરિવારના જણાવ્યા અનુસાર, ચાર્મીબેને એવું રટણ કર્યું હતું કે તેમને સતત મરી જવાના વિચારો આવતા હોવાથી આ અંતિમ પગલું ભર્યું હતું. બે બાળકોએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

# આસ્થા-એ બિલ્ડીંગની બાલ્કનીમાં ફસાયેલી મહિલાનું ફાયર બ્રિગેડ દ્વારા રેસ્ક્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીમાં શનાળા રોડ વોડાફોન સ્ટોર વાળી શેરીમાં આસ્થા-એ બિલ્ડીંગ ખાતે લિફ્ટમાં મહિલા ફસાયાનો કોલ મળતા ફાયર બ્રિગેડ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. તપાસમાં જાણવા મળ્યું કે મહિલા લિફ્ટમાં નહીં પરંતુ ત્રીજા માળે બાલ્કનીમાં ફસાયાં હતાં. આ સાથે ફાયર ટીમે ભારી જહેમત બાદ દરવાજો તોડી સુરક્ષિત રીતે મહિલાને રેસ્ક્યુ કર્યા હતા.

મોરબી મહાનગરપાલિકાના ફાયર કન્ટ્રોલ રૂમમાં રાત્રે ૮:૨૦ કલાકે ૧૧૨ દ્વારા કોલ મળ્યો હતો કે આસ્થા-એ બિલ્ડીંગમાં લિફ્ટમાં એક મહિલા ફસાયા છે. કોલ મળતાં જ ફાયર બ્રિગેડની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. સ્થળ પર પહોંચી તપાસ કરતા જાણવા મળ્યું હતું કે મહિલા લિફ્ટમાં નહીં પરંતુ ત્રીજા માળે પોતાના ફલેટની બાલ્કનીમાં ફસાયા હતા. બાલ્કનીના દરવાજાનો લોક બગડી જતાં દરવાજો લોક થઈ ગયો હતો અને નિતાબેન ભરતભાઈ જોશી ઉવ.૫૨ નામના મહિલા બહાર બાલ્કનીમાં જ અટવાઈ ગયા હતા. પ્રથમ ફાયર ટીમે બહારથી સીડી લગાવી બચાવ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બાલ્કનીમાં લગાવેલી જાળીના કારણે મુશ્કેલી ઉભી થઈ હતી. ત્યારબાદ ફાયર ટીમ ઉપર પહોંચી ફાયરમેન એક્સ અને ક્રોબારની મદદથી પાછળનો દરવાજો તોડી મહિલાને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

સદભાગ્યે મહિલાને કોઈ ઇજા પહોંચી નથી અને તેઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે. પ્રાથમિક માહિતી મુજબ પરિવાર તાજેતરમાં જ રાજકોટથી અહીં રહેવા આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે સમગ્ર માહિતી મોરબી ફાયર બ્રિગેડના ચીફ ફાયર ઓફિસર જયેશભાઈ ડાકી દ્વારા આપવામાં આવી હતી.

# સતર્કતાથી ટળી રેલ દુર્ઘટના પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે રાજકોટ ડિવિઝનના ટ્રેન મેનેજરને મેન ઓફ ધ મંથ સુરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**




રાજકોટ ડિવિઝનના એક કર્મચારીની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીથી સંભવિત રેલ દુર્ઘટના ટળી ગઈ. આ પ્રશંસનીય કાર્ય માટે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (પ્રભારી) પ્રદીપ કુમારે મુંબઈ સ્થિત પશ્ચિમ રેલવે મુખ્યાલય ખાતે આયોજિત સમારોહમાં જગદીશ પ્રસાદ બૈરવા, વરિષ્ઠ પેસેન્જર ટ્રેન મેનેજર (મુખ્યાલય, રાજકોટ) ને ''મેન ઓફ ધ મંથ'' (જાન્યુઆરી-૨૦૨૬) સુરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા.

તારીખ ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ જગદીશ પ્રસાદ બૈરવા ટ્રેન સંખ્યા ૨૨૯૬૯ ઓખા-બનારસ એક્સપ્રેસમાં ફરજ પર હતા. ભાટેલ અને ખંભાળિયા સ્ટેશનો વચ્ચે કિલોમીટર સંખ્યા ૮૯૫/૦૭ અને ૮૯૫/૦૫ ની વચ્ચે તેમને ટ્રેનમાં અસામાન્ય ઝટકો અનુભવાયો હતો. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને તેમણે તત્પરતા દાખવી સંબંધિત સ્થળને ચિહ્નિત કર્યું અને તરત જ સંબંધિત અધિકારીઓને જાણ કરી. લોકો પાઈલટનો સંપર્ક કરી અસામાન્ય ઝટકાની પુષ્ટિ કર્યા બાદ તેમણે ખંભાળિયા સ્ટેશનના સ્ટેશન માસ્ટરને લેખિત જાણ પણ કરી હતી, જેના કારણે તાત્કાલિક જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત થઈ શકી.

જાણ મળતાની સાથે જ સ્ટેશન માસ્ટર, ખંભાળિયા દ્વારા ઓપરેટિંગ અને એન્જિનિયરિંગ વિભાગના સંબંધિત કર્મચારીઓને વાકેફ કરવામાં આવ્યા હતા. એન્જિનિયરિંગ વિભાગની ટીમ દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવતા સંબંધિત સ્થળ પર રેલ વેલ્ડ ફ્રેક્ચર જોવા મળ્યું હતું, જે ગંભીર અકસ્માતનું કારણ બની શકતું હતું. સુરક્ષાને સર્વોચ્ચ અગ્રતા આપીને તે સેક્શન પર તાત્કાલિક ૨૦ કિમી પ્રતિ કલાકનો સાવચેતી આદેશ લાગુ કરવામાં આવ્યો હતો અને જરૂરી સમારકામ બાદ રેલ સંચાલન પૂર્ણ સુરક્ષા સાથે ફરી શરૂ કરવામાં આવ્યું હતું.

શ્રી બૈરવાની સતર્કતા, જવાબદારી અને નિષ્ઠાને કારણે એક સંભવિત ગંભીર અકસ્માત ટળી ગયો, જેનાથી મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત થઈ અને રેલવે મિલકત તેમજ રેલ સંચાલનને સંભવિત નુકસાનથી બચાવી શકાયું.

રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ જગદીશ પ્રસાદ બૈરવાને પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, ''શ્રી બૈરવા દ્વારા પ્રદર્શિત સતર્કતા, જવાબદારી અને નિષ્ઠા રેલવે કર્મચારીઓ માટે એક પ્રેરણાદાયક ઉદાહરણ છે. તેમની સજાગતાથી સંભવિત અકસ્માત ટળવો તે દર્શાવે છે કે સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતા જ સુરક્ષિત રેલ સંચાલનનો પાયો છે. આવા સમર્પિત પ્રયાસો ભારતીય રેલવેની સુરક્ષા સંસ્કૃતિને વધુ મજબૂત બનાવે છે.''

# અત્યાધુનિક DBS નામની શસ્ત્રક્રિયા દ્વારા કંપવાની બીમારીમાંથી દર્દીને નવજીવન આપતા સ્ટર્લિંગ હોસ્પિટલના ન્યુરોલોજીસ્ટ ડૉ. સારિકા પાટીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**




રાજકોટ સ્થિત સ્ટર્લિંગ હોસ્પિટલે સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશમાં સૌપ્રથમ વખત સફળતાપૂર્વક ડીપ બ્રેઈન સ્ટીમ્યુલેશન સર્જરી હાથ ધરીને ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે. હોસ્પિટલના એસોસિયેટ ડિરેક્ટર તથા ન્યુરો ફિઝિશિયન અને મૂવમેન્ટ ડિસઓર્ડર્સ સ્પેશિયાલિસ્ટ ડૉ. સારિકા પાટીલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી આ આધુનિક સારવારથી જામનગરના ૬૦ વર્ષીય પાર્કિન્સન રોગીને નવું જીવન મળ્યું છે. આ નોંધપાત્ર સર્જરી દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના લોકોને વિશ્વસ્તરીય ન્યુરોલોજીકલ સારવાર હવે વધુ નજીક મળી છે. હોસ્પિટલે મૂવમેન્ટ ડિસઓર્ડર્સ વિભાગમાં પોતાના સમર્પિત પ્રોગ્રામનો સત્તાવાર પ્રારંભ પણ કર્યો છે.

જામનગરના ૬૦ વર્ષીય ગંગારામ ચંદ્રા છેલ્લા ૧૧ વર્ષથી પાર્કિન્સન રોગથી પીડાતા હતા. છેલ્લા પાંચ વર્ષમાં તેમની સ્થિતિ મોટાપાયે મોટર ફ્લક્ચ્યુએશન સાથે ગંભીર તબક્કે પહોંચી ગઈ હતી. તેમને લાંબા સમય સુધી (દિવસના ૭૦ ટકા જેટલા સમયમાં) અનેક મુશ્કેલીઓ પડતી હતી, જેમ કે ચાલતી વખતે પગ અટકી જવા, શરીર અત્યંત જકડાઇ જવું અને ટેકા વગર ઊભા રહી કે ચાલી ન શકવાની સ્થિતિ સર્જાવી, જેના કારણે તેઓ સંપૂર્ણપણે પરિવાર પર નિર્ભર થઈ ગયા હતા. દવાની અસર દરમિયાન જ્યારે તેમની શારીરિક ગતિવિધિ સામાન્ય બનતી ત્યારે તેમને ગંભીર ડિસ્કિનેશિયા અને ડિસ્ટોનિયા જેવી સમસ્યાઓ થતી, જેમાં અસામાન્ય શરીર મુદ્રા અને ડાબા હાથમાં અતિશય અનિયંત્રિત હલનચલન જોવા મળતી. કામ કરવા અસમર્થ હોવાથી તેમણે છેલ્લા પાંચ વર્ષથી ઘેર જ રહેવું પડયું હતું અને જીવનની ગુણવત્તા ઘણી ઘટી ગઈ હતી.

માત્ર દવાઓ દ્વારા તેમના અદ્યતન લક્ષણોને નિયંત્રિત કરવા અથવા દવાઓની આડઅસરને અટકાવવી શક્ય નહતી. તેથી સર્જરીની ભલામણ કરવામાં આવી સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે પ્રોગ્રામનું ક્લિનિકલ નેતૃત્વ સંભાળતા મુવમેન્ટ ડિસઓર્ડર્સ સ્પેશિયાલિસ્ટ ડૉ. સારિકા પાટીલની આગેવાની હેઠળની કુશળ નિષ્ણાંતોની ટીમે આ જટિલ ફંક્શનલ ન્યૂરોસર્જરી હાથ ધરી હતી. આ ટીમમાં તેમને અમદાવાદના વિઝિટિંગ ફંક્શનલ ન્યૂરોસર્જન ડૉ. ચિરાગ સોલંકી તેમજ ડૉ. મયંક વેકરિયા અને ડૉ. ગૌરાંગ વાઘાણીએ સમગ્ર સર્જરીમાં નિષ્ણાંત સહાય પૂરી પાડી હતી. સર્જરી પહેલાં ચોક્કસ લક્ષ્ય નિર્ધારિત કરવા માટે જનરલ એનેસ્થેશિયા હેઠળ 3T MRI કરવામાં આવી. આ પ્રક્રિયા જાગૃત અવસ્થામાં થતી બ્રેઈન સર્જરી હતી, જેમાં દર્દીની પ્રતિક્રિયાનું વાસ્તવિક સમયમાં નિરીક્ષણ કરવામાં આવ્યું. વિશેષ ફ્રેમનો ઉપયોગ કરીને સબથેલેમિક ન્યૂક્લિયસ અથવા ગ્લોબસ પેલિડસ ઈન્ટર્નામાં લીડ્સ ચોક્કસ રીતે મૂકવામાં આવ્યા. બેટરી ઈમ્પ્લાન્ટેશન સહિત સમગ્ર સર્જરી ૭-૮ કલાક ચાલી.

# રાજકોટ જિલ્લા ગ્રામ્ય પરપ્રાંતીય કામદારોની નાગરિકતાની ખરાઈ કરવા સંદર્ભે હુકમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામાન્ય રીતે, કારખાના, મકાન બાંધકામ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ફેક્ટરી, ખેતી, વેપાર-ધંધામાં કામ કરતા મજૂરો, કારીગરો લૂંટ, ધાડ, ખૂન, અપહરણ જેવા ગંભીર ગુના આચર્યા બાદ અન્ય રાજ્ય કે જિલ્લાઓમાં નાસી જતા હોય છે તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતન કે અન્ય શહેરોમાં ગંભીર ગુના આચરીને આરોપીઓ રાજકોટ જિલ્લામાં આશરો લેતા હોય છે. આથી, રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારની સલામતી અને શાંતિ જળવાઈ રહે, તે હેતુસર રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં રહેતા અને કારખાના, ઔદ્યોગિક એકમોમાં કામ કરતા તમામ પરપ્રાંતીય શ્રમિકો / કામદારોની નાગરિકતાની ખરાઈ કરવા સંદર્ભે નિવાસી અધિક કલેક્ટર એન. કે. મુછારે નીચે મુજબ હુકમ કર્યો છે.

(૧) તમામ કામદારો, પરપ્રાંતીયોની નાગરિકતાની ખરાઈ કરવા માટે તેઓના ભારતીય હોવા અંગે જન્મનું પ્રમાણપત્ર / પાસપોર્ટ / મતદાર કાર્ડ વગેરે માહિતી મેળવી, વેરીફાઈ કર્યા બાદ જ નોકરી પર રાખવાના રહેશે.

(૨) મજૂરી અથવા કામે રાખવામાં આવતા અન્ય નોકરીયા-તોનો તાજેતરનો ફોટો તથા ઓરીજીનલ ડોક્યુમેન્ટની સ્વપ્રમાણિત કોપી ફરજીયાત મેળવવાની રહેશે.

(૩) મજૂરોનું પોલીસ વેરીફીકેશન ત્વરીત જ કરાવવાનું રહેશે.

(૪) કામદારોને લોકલ એજન્સી મારફતે હાયર કરવામાં આવે તો મેનપાવર સપ્લાય એજન્સીની સંપૂર્ણ વિગત નિભાવવાની રહેશે.

આ હુકમ તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે.

# ડો.કમલ મહેતા દ્વારા સંશોધન પત્રમાં કરાયેલી ગેરરીતી બાબતે તપાસ સમિતિ રચવા ડો.નિદત્ત બારોટની માંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનવર્સિટીના શિક્ષણ વિદ્યાશાખાના ડીન અને ઈ. સી. મેમ્બર ડો.નિદત્ત બારોટે કુલપતિ ડો.ઉત્પલ જોશીને લખેલ પત્રમાં જણાવ્યું છે કે ''સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શૈક્ષણિક ગૌરવ અને વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડે તેવી એક ગંભીર વિગત ધ્યાને આવી છે. અંગ્રેજી ભવનના અધ્યક્ષ ઈ . સી. અને એ. સી. ના સભ્ય કમલ મહેતા દ્વારા રજૂ કરવામાં આવેલ સંશોધન પત્રોમાં તારીખ અને વિગતોની મોટી વિસંગતતા જોવા મળી રહી છે, જે શૈક્ષણિક જગતમાં 'બેક-ડેટેડ' દસ્તાવેજો ઉભા કર્યા હોવાનો પુરાવો આપે છે.

તારીખની વિસંગતતા કમલ મહેતાનું એક સંશોધન પત્ર વર્ષ ૨૦૧૮ માં પ્રસિદ્ધ થયેલું દર્શાવવામાં આવ્યું છે. (પરિશિષ્ટ-૧) અશક્ય વિગતો આ ૨૦૧૮ ના પેપરના ત્રીજા પાના પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં થયેલી ૨૦૧૯ ની કોન્ફરન્સ ની વિગતો ટાંકવામાં આવી છે. વાસ્તવિક સ્થિતિ હકીકતમાં જે કોન્ફરન્સનો ઉલ્લેખ છે તે વર્ષ ૨૦૨૦ માં યોજાઈ હતી. (પરિશિષ્ટ-૨) કોઈપણ સંશોધન પત્ર તેના પ્રકાશન વર્ષ પછીની ઘટનાઓની વિગત અગાઉથી આપી શકે નહીં. આ બાબત સાબિત કરે છે કે આ પેપર પાછળની તારીખમાં ખોટી રીતે અપલોડ કરવામાં આવ્યું છે અને યુનિવર્સિટીને છેતરવાનો પ્રયાસ થયો છે. તેઓએ લેખિત જાણ કરી હતી કે ડિસેમ્બર ૨૦૧૫માં પ્રસિદ્ધ થયેલ સંશોધન પત્ર માં એન. ઈ. પી. ૨૦૨૦નો ઉલ્લેખ છે. ઉપરાંત ૨૦૧૮માં પ્રસિદ્ધ થયેલ પેપરને રેફ્રન્સ માં દર્શાવેલ.

યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલ જેવા સર્વોચ્ચ સત્તામંડળમાં આવા વ્યક્તિની હાજરી યુનિવર્સિટીની ગરિમાને કલંકિત કરે છે. જે વ્યક્તિ પોતે શૈક્ષણિક સંશોધનમાં પ્રામાણિકતા જાળવી શકતા ન હોય, તેઓ યુનિવર્સિટીના નિર્ણયો લેવાની પ્રક્રિયામાં હોવા જોઈએ નહીં.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યા નો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૨૪/૨/૨૬ ને મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''એચ. આર. એન્ટરટેઈનમેન્ટ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૫/૨/૨૬ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સાઈનિંગ સ્ટાર્સ મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૬/૨/૨૬ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''હાર્દિક ઝવેટિયા'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૭/૨/૨૬ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સંતૂર ઈવેંન્ટસ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૮/૨/૨૬ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''ઓમ ઈન્ટરનેશનલ કુરિયર એન્ડ કાર્ગો'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને તા.૦૧/૦૩/૨૬ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''વન મેન શો'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, હિરેનભાઇ રાવલ, સુધીરભાઈ પંચમિયા, હાર્દિકભાઇ ઝવેરી, કમલભાઈ રાજપરા, બીપીનભાઈ ઠાકર તથા ડૉ. અસીનભાઈ ભટ્ટ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# માળીયા(મી)ના સરવડ ગામે રહેણાંકમાં જુગારના અખાડા ઉપર દરોડો, ત્રણ પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે સરવડ ગામે રહેણાંક મકાનમાં જુગારના અખાડા ઉપર રેઈડ કરી મકાન-માલીક સહિત ત્રણ જુગારીની અટક કરી હતી. દરોડા દરમિયાન થયેલ નાસભાગમાં ૭ શખ્સો પોલુસની હાથતાળી દઈને નાસી છૂટ્યા હતા. હાલ પોલીસે જુગારના પટ્ટમાંથી રૂ.૧૦ હજારથી વધુની રકમ કબ્જે લઈ પકડાયેલ તથા નાસી છુટેલ તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ, માળીયા(મી) ના સરવડ ગામે ગોવિંદભાઇ ભનાભાઈ મૂછડીયા પોતાના ઘરમાં બહારથી માણસો બોલાવી, જુગાર રમવાના સાધનો ઉપલબ્ધ કરાવી તેમજ આર્થિક ફાયદા માટે નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતા હોવાની મળેલ બાતમીને આધારે માળીયા(મી) પોલીસે ઉપરોક્ત રહેણાંક મકાનમાં રેઈડ કરી હતી. ત્યારે રેઈડ દરમિયાન મકાનના બીજા માળે જુગાર રમતા ઈસમો આજુબાજુની અગાસીઓનો લાભ લઈને નાસવા લાગેલ, ત્યારે પોલીસ ટીમ સીડી ચડીને ઉપર ગયા ત્યારે મકાન માલીક સહિત ત્રણ જુગારીને પકડી લેવામાં આવ્યા હતા.

રેઈડ દરમિયાન જુગાર રમતા પકડાયેલ આરોપી ગોવીંદભાઈ ભનાભાઈ મુછડીયા ઉવ.૫૮, દાઉદભાઇ અસ્માલભાઇ કુકડ ઉવ.૫૩ તથા અરવીંદ ઉર્ફે કારૂ નાનજીભાઇ સરડવા ઉવ.૫૨ ત્રણેય રહે. સરવડ ગામ તા.માળીયા(મી) વાળા એમ ત્રણ ઈસમોને રોકડા રૂ.૧૦,૦૨૦/- સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. જ્યારે નાસી ભાગી ગયેલ આરોપી પુનીતભાઈ પ્રભુભાઇ સરડવા, ધનજીભાઈ દેવજીભાઇ સરડવા, કનુભાઈ હરીભાઈ મૂછડીયા, કારૂભાઈ ભગાભાઇ મુછડીયા, અશોકભાઈ રતીભાઈ મોરડીયા, સુલ્તાનભાઈ સુમારભાઇ જેડા તથા સુખદેવભાઈ ગજુભાઈ પરમાર તમામ રહે.સરવડ ગામ તા.માળીયા(મી) વાળાને ફરાર દર્શાવી કુલ ૧૦ આરોપીઓ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી, નાસી ગયેલ તમામની અટક કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# શોભાવડલા માધ્યમિક શાળામાં 'ત્રિરત્ન સન્માન સમારોહ' સાથે ત્રિવિધ કાર્યક્રમોની ભવ્ય ઉજવણી કરવામાં આવી

## બે વખત રાષ્ટ્રપતિ સન્માનિત શિક્ષક બળદેવપરી સહિત ત્રણ મહાનુભાવોનું શાલ અને મોમેન્ટો આપી ગૌરવ સન્માન કરાયું



**મુખ્ય સમાચાર, ધોરાજી**

શોભાવડલા સ્થાનિક માધ્યમિક શાળા શોભાવડલા ખાતે તાજેતરમાં પ્રેરણા અને ગૌરવના ત્રિવેણી સંગમ સમાન 'ત્રિરત્ન સન્માન સમારોહ' અત્યંત ઉત્સાહભેર યોજાઈ ગયો. આ પ્રસંગે શિક્ષણ જગતમાં અમૂલ્ય પ્રદાન આપનાર ત્રણ મહાનુભાવોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં કાથરોટા માધ્યમિક શાળાના અને બે-બે વખત રાષ્ટ્રપતિ સન્માન વિજેતા શ્રેષ્ઠ શિક્ષક બળદેવપરી સાહેબ, વિજયભાઈ રામાણી તથા જગદીશભાઈ ડાંગરનો સમાવેશ થાય છે. ભવ્ય આયોજન અને આત્મીય સ્વાગત શાળાના કર્મઠ શિક્ષક ડોડિયા અને સમગ્ર શાળા પરિવાર દ્વારા તમામ મહેમાનોનું ભાવભીનું અને આત્મીય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માત્ર સન્માન પૂરતો મર્યાદિત ન રહેતા, તેમાં વિદ્યાર્થી વિદાય સમારોહ અને વૃક્ષારોપણ જેવા ઉમદા કાર્યોનો પણ સમન્વય કરવામાં આવ્યો હતો. આ ત્રિવિધ કાર્યક્રમોના સુંદર આયોજને ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા.

પ્રેરણાનું ભાથું પીરસતા મહાનુભાવો કાર્યક્રમના મુખ્ય વક્તા બળદેવપરી સાહેબે પોતાના સંબોધનમાં પ્રેરણાદાયી પ્રસંગો ટાંકી, વિદ્યાર્થીઓને જીવનમાં ઉચ્ચ શિખરો સર કરવા માટે મક્કમ નિર્ધાર અને પરિશ્રમનો મંત્ર આપ્યો હતો. આ તકે પાઘડાર, ડાંગર અને ડોડિયા પણ પ્રાસંગિક વક્તવ્ય દ્વારા શિક્ષણ અને સંસ્કારના મહત્વ પર ભાર મૂક્યો હતો.

યાદગાર સન્માન વિધિ સન્માનના ભાગરૂપે ડોડિયા દ્વારા ત્રણેય મહાનુભાવોને ગૌરવવંતી સન્માનની શાલ, યાદગાર મોમેન્ટો, આકર્ષક કાંડા ઘડિયાળ


અર્પણ કરી તેમનું જાહેર બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે શાળા પરિવાર દ્વારા તમામ માટે સ્વાદિષ્ટ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ સમગ્ર આયોજન શાળાના ઈતિહાસમાં એક અવિસ્મરણીય અને જીવનનું સંભારણું બની રહેશે તેમ ઉપસ્થિત સ્ટાફ મિત્રોએ જણાવ્યું હતું.

# મોરબીના આલાપ રોડ પટેલનગરમાં કારની અડફેટે અઢી વર્ષની બાળકીનું કરુણ મોત

## શેરીમાં રમતી માસૂમ પર કારનું વ્હીલ ફરી વળ્યું, ચાલક સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીના આલાપ રોડ પર આવેલા પટેલનગરમાં શેરીમાં રમતી અઢી વર્ષની બાળકી પર કાર ફરી વળતા તેનું કરુણ મોત નીપજ્યું છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. હાલ બનાવ અંગે બાળકીના પિતાની ફરિયાદના આધારે સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા કાર ચાલક સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

મોરબીના આલાપ રોડ સ્થિત પટેલનગર વિસ્તારમાં રવિવાર તા ૨૨/૦૨ના રોજ સાંજના સવા છ વાગ્યાના અરસામાં એક હૃદયદ્રાવક ઘટના બની હતી. જેમાં વાસુદેવભાઈ પોતાના એપાર્ટમેન્ટના પાર્કિંગમાં બેઠા હતા ત્યારે તેમની અઢી વર્ષની દીકરી ધનશ્રી શેરીમાં રમતી હતી.

આ દરમિયાન મારુતિ સુઝુકી કંપનીની બલેનો કાર રજી.નં. જીજે-૩૬-એજે-૯૩૧૫ના ચાલક નિરવભાઈ મહાદેવભાઈ ભોરણીયા રહે. જુના દેવળીયા તા. હળવદ વાળા કાર લઈને નીકળતા બાળકીને અડફેટે લીધી હતી. કારનું વ્હીલ બાળકીના શરીર પર ફરી વળતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ કાર ચાલક નિરવભાઈએ કાર ઉભી રાખી પોતાનું નામ જાહેર કર્યું હતું. ત્યાર-બાદ પિતા વાસુદેવભાઈ, પડોશી વિપુલભાઈ સાંણજા અને કાર ચાલક નિરવભાઈ બાળકીને સારવાર માટે મોરબીની ક્રિષ્ના હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. સારવાર દરમિયાન બાળકી બેભાન થઈ જતા ફરજ પરના તબીબે તપાસીને તેને મૃત જાહેર કરી હતી.

બનાવ અંગે જાણ થતા પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને મૃતદેહને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. હાલ વાસુદેવભાઈ વડસોલાની ફરિયાદના આધારે સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા કાર ચાલક નિરવભાઈ ભોરણીયા સામે બીએનએસ તથા એમવી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેરના જોધપર ગામે પાડોશી પરિવારના સભ્યોને લાકડીઓ ફટકારતા બે સગા ભાઈ સામે ફરિયાદ

## દીકરાઓની હેરાનગતિ બાબતે કહેતા પાડોશી બે શખ્સો પરિવાર ઉપર તૂટી પડ્યા, ચારને ઈજા

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના જોધપર ગામે દીકરાને હેરાન કરવામાં આવતા હોવાના મુદ્દે પાડોશીને વાત કરતા, પાડોશી બે ભાઈ લાકડીઓ લઈને આવી પાડોશી પરિવાર ઉપર હુમલો કરતા ચાર લોકોને ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી. ત્યારે સમગ્ર બનાવ મામલે વાંકાનેર તાલુકા પોલીસે ફરિયાદને આધારે બે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેર તાલુકાના જોધપર ગામે ગત તા.૨૧/૦૨ના રાત્રે પાડોશી પરિવાર ઉપર હિંસક હુમલો થયો હતો. આ મામલે રીઝવાનભાઈ માહમદભાઈ શેરશીયા ઉવ.૪૦ રહે.જોધપર ગામ તા. વાંકાનેર વાળાએ આરોપી અબ્દુલભાઈ હુસેનભાઈ શેરશીયા અને મકબુલભાઈ હુસેનભાઈ શેરશીયા રહે. જોધપર ગામ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ઉપરોક્ત બન્ને આરોપીઓના દીકરાઓ ફરીયાદીના દીકરાને અવારનવાર હેરાન કરતા હતા. આ મુદ્દે આરોપીઓ સાથે વાતચીત કર્યા બાદ રાત્રે ફરીયાદી ઘરે પરત આવ્યા ત્યારે બંને આરોપીઓ લાકડીઓ લઈને ફરીયાદીના ઘરે પહોંચી આતંક મચાવ્યો હતો. જેમાં આરોપીઓએ ફરીયાદીના પિતાને ધક્કો મારી પાડી દેતા તેમને ઈજા પહોંચી હતી, ફરીયાદીના હાથ પર લાકડી મારી ફ્રેક્ચર જેવી ઈજા જ્યારે ફરિયાદીના માતા તથા પત્નીને પણ લાકડી તેમજ ધક્કા મારી પાડી ડીને ઈજાઓ પહોચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપીને બન્ને આરોપીઓ ચાલ્યા ગયા હતા. હાલ વાંકાનેર તાલુકા પોલીસે બન્ને આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના ભક્તિનગરમાં ઘર બહાર પાર્ક કરેલ બે બાઈક સળગાવાઈ

## સીસીટીવી ફૂટેજના આધારે નામજોગ બે શખ્સ સહિત ત્રણ વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ વિસ્તારમાં આવેલ ભક્તિનગર સોસાયટીમાં શેરી નં.૨ માં એક વેપારીના ઘર આગળ પાર્ક કરેલ બે મોટર સાયકલ ઉપર અજાણ્યા શખ્સોએ પેટ્રોલ છાંટી સળગાવી દીધા હતા. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે બે નામજોગ અને એક અજાણ્યા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં ભક્તીનગર સોસાયટી શેરી નં.૨ માં રહેતા ભાવેશભાઈ મોહનભાઈ થારેચા ઉવ.૪૫ વાળાના ઘરની બહાર પાર્ક કરેલ બે વાહનો સળગાવી દેવાનો બનાવ સામે આવ્યો છે. ત્યારે ભાવેશભાઈએ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગત તા.૧૧ ફેબ્રુઆરીના વહેલી સવારે પોણા ચાર વાગ્યાના અરસામાં તેમના ઘર બહાર રાખેલ એક્ટિવા રજી. નં. જીજે-૩૬-એઈ-૬૪૪૪ અને મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-ક્યુ-૨૨૩૭ સળગી ગયેલી હાલતમાં જોવા મળ્યા હતા. બનાવ અંગે તેઓએ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ત્યારે સ્થળ પરથી પેટ્રોલની વાસ આવતી પાણીની બોટલ મળી આવતા કોઈએ ઈરાદાપૂર્વક વાહનો સળગાવ્યા હોવાની આશંકાએ આસપાસના વિસ્તારમાં લગાવેલા સીસીટીવી ફૂટેજ ચકાસતા બનાવના સમયે મિલિટ્રી કલરનું બુલેટ મોટરસાયકલ રજી.નં. જીજે-૨૭-સીએસ-૪૧૯૭ ઉપર ત્રણ શખ્સ સવાર થઈ ઘર તરફ આવતા દેખાયા હતા.

ફૂટેજના આધારે બુલેટ ચલાવનાર આરોપી નિકુંજભાઈ જાની રહે.શિવરાજપુર તા.જસદણ જી.રાજકોટ અને પાછળ બેઠેલો આરોપી ડોડીયા સુજલ રહે.જસદણ તા.જી.રાજકોટ હોવાની ઓળખ થઈ હતી, જ્યારે ત્રીજો શખ્સ અજાણ્યો હોવાનું જણાવાયું છે. આરોપીઓ પાણીની બોટલમાં પેટ્રોલ લઈને આવી બંને વાહનો ઉપર છાંટી આગ લગાવી ફરિયાદીને આશરે રૂ.૧,૧૦,૦૦૦/- નું નુકસાન કર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. હાલ બી ડિવિઝન પોલીસે આ મામલે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# કબીર ટેકરીમાં પરપ્રાંતિય ભાડુઆતો અંગે માહિતી ન આપતા બે મકાન માલિકો સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના કબીર ટેકરી વિસ્તારમાં પરપ્રાંતિય મજૂરોને રૂમ ભાડે આપ્યા બાદ તેમની માહિતી પોલીસને ન આપતા બે મકાન માલિકો સામે એસઓજી પોલીસ ટીમે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી શહેરના કબીર ટેકરી વિસ્તારમાં પરપ્રાંતિય મજૂરોને પોતાના મકાનમાં રાખી તેમની વિગતો પોલીસ તંત્રને ન આપવાના બે અલગ બનાવોમાં મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયા છે.

પ્રથમ બનાવમાં મોરબી એસ.ઓ.જી. ટીમ મેજિસ્ટ્રેટના જાહેરનામા અંગે તપાસમાં હોય તે દરમિયાન આરોપી શંકરભાઈ પરસોત્તમભાઈ કગથરા ઉવ.૪૨ રહે. કબીર ટેકરી શેરી નં.૦૫, મોરબી વાળા સામે કાર્યવાહી કરવામાં આવી છે. આરોપીએ પોતાના મકાનમાં પરપ્રાંતિય મજૂરો રાખ્યા હોવા છતાં તેમની માહિતી મોરબી એસ્યુર્ડ એપમાં અપલોડ કરી નહોતી તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશન કે સંબંધિત કચેરીમાં જાણ ન કરી કરી જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

જ્યારે બીજા દરોડામાં પણ એસ.ઓ.જી. પોલીસે કબીર ટેકરી વિસ્તારમાં બનાવમાં તપાસ હાથ ધરતા જ્યાં આરોપી સેજાદ રણમલભાઈ મુસાણી ઉવ.૨૨ રહે. મકરાણીવાસ મોરબી વાળાએ પણ પોતાના મકાનમાં પરપ્રાંતિય મજૂરો રાખી તેમની વિગતો સ્થાનિક પોલીસ સ્ટેશન તથા સંબંધિત કચેરીમાં નોંધાવી ન હોવાનું સામે આવ્યું હતું. હાલ એસઓજી પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં બીએનએસ કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# અમરેલી સહિત સાત જિલ્લામાં માવઠુ અને બપોરે આકરો તાપ !

રાજયમાં એક સાથે ત્રણ સિસ્ટમ કાર્યરત હોય સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડી-ગરમી, તો ગુજરાતમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. છેલ્લા કેટલાંક દિવસથી પ્રર્વતતુ આવું હવામાન હજુ પણ યથાવત છે. ત્યારે ગઈકાલે પણ સૌરાષ્ટ્ર- ગુજરાતનાં અમુક જિલ્લામાં બપોરે ગરમી બાદ સાંજે કમોસમી વરસાદ વરસ્યો હતો. ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ અને છોટા ઉદેપુરનાં વિસ્તારમાં કમોસમી વરસાદનાં અહેવાલો છે. જયારે મોડાસા અને મેઘરજમાં પણ કમોસમી વરસાદ વરસી ગયો હતો.

# બોટાદના રતનપર ગામે એસએમસી ત્રાટકીઃ ૧૫૩૨૪ બોટલ વિદેશી દારૂ પકડાયો

### પોલીસે દરોડો પાડતા બુટલેગર સહિત આઠ શખ્સો નાસી ગયાઃ એક વાહન સહિત રૂ.૮૯.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે




**મુખ્ય સમાચાર, બોટાદ**

બોટાદ જીલ્લામાં વિદેશી દારૂનું પુરજોશમાં વેચાણ અને હેરાફેરી થતી હોય ત્યારે સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે રતનપર ગામે દરોડો પાડતા દારૂનું કટીંગ કરતા બુટલેગર સહિત આઠ શખ્સો નાસી જતા પોલીસે એક વાહન સહિત કુલ રૂ.૮૯.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાસી ગયેલા શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એસએમસીના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લીપ્ત રાયના માર્ગદર્શન હેઠળ સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સુચનાથી પીએસઆઇ એસ.વી.ગરચળ અને તેની ટીમના પોલીસ જવાનો બોટાદ જીલ્લામાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, રતનપર ગામે ધોળાકુવા પાસે ખુલ્લા મેદાનમાં વિદેશી દારૂનું કટીંગ એક ટેન્કરમાંથી થઇ રહ્યું હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા બોટાદના ગઢડા તાલુકાના રાયપરનો બુટલેગર વિજય રવુ બોરીચા, ખાભડાનો ઉદય રણુ ખાચર, હિતેષ હરેશ ખાચર, કાર્તિક શિવરાજ ખાચર, ટાટા ટ્રક નંબર જીજે૨૧જીએ૮૪૨૬નો માલિક અને ડ્રાયવર, કાળા કલરની સ્કોર્પીયો કારનો ડ્રાયવર, બુટલેગર વિજય બોરીચાનો માણસ સહિત આઠ શખ્સો પોલીસને જોઇ ફરાર થઇ ગયા હતા. એસએમસીની ટીમે સ્થળ પરથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૫૩૨૪ બોટલ કિંમત રૂ.૬૪.૩૩ લાખનો દારૂનો જથ્થો તથા એક વાહન મળી કુલ રૂ.૮૯.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાસી ગયેલા બુટલેગર સહિત તમામ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# રંગપર ગામે ન્યારી ડેમ નજીક વિદેશી દારૂ ભરેલી બોલેરો પીકઅપ ઝડપાઇ

### પડધરી પોલીસે ડ્રાયવરની ધરપકડ કરી કુલ રૂ.૮.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી તાલુકાના રંગપર ગામે ન્યારી ડેમ પાસેથી વિદેશી દારૂ ભરેલ બોલેરો પીકઅપ વાનમાં ડ્રાયવરને દબોચી લઇ રૂ.૮.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પડધરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ પડધરી પોલીસ મથકના પીઆઇ એસ.એન.પરમારની સુચનાથી પીએસઆઇ જે.જે.વાળા, એએસઆઇ ભગીરથસિંહ, રાજદિપસિંહ, હેડ કોન્સ. અનીરૂધ્ધસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, રંગપર ગામે ન્યારી ડેમ પાસેથી એક બોલેરો દારૂ ભરેલો નિકળવાનો હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન એક સફેદ કલરનો બોલેરોમાં એક શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા વિદેશી દારૂની ૭૪૪ બોટલ તથા નાની બોટલો મળી કુલ ૮૫૨ બોટલ કિંમત રૂ.૫.૧૧ લાખનો દારૂનો જથ્થો મળી આવતા પોલીસે બોલેરો પીકઅપ વાનના ચાલક પોપટ ધારા ઝાપડા (રહે.મનહરપુર-૧, મામાદેવના મંદિર પાસે, જામનગર રોડ, રાજકોટ)ની ધરપકડ કરી વાહન સહિત કુલ રૂ.૮.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# સેન્ટ્રલ અને માધાપર બસ સ્ટેન્ડમાં થયેલી ત્રણ તફડંચીનો ભેદ ઉકેલાયોઃ પાંચ આરોપીઓ ઝડપાયા







**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સેન્ટ્રલ એસ.ટી. બસ સ્ટેશન અને માધાપર ચોકડી જેવા ભીડભાડવાળા વિસ્તારોમાં મુસ-ાફરોના ખિસ્સા સાફ કરતી રીઢા ખિસ્સાકાતરૂઓની ગેંગને રાજકોટ એ-ડિવિઝન પોલીસે ઝડપી પાડી છે. પોલીસે કુલ ૫ આરોપીઓની ધરપકડ કરી મુસાફરો પાસેથી ચોરેલી રોકડ રકમ કબ્જે કરી છે.

એ-ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી.વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.એમ. રાણા તથા તેમની ટીમ સતત વોચમાં હતી. આ દરમિયાન હેડ કોન્સ્ટેબલ કર્યુ કનુ બસિયા, સાગર માવદીયા અને ધર્મેશ ખાંડેખાને મળેલી ચોક્કસ બાતમીના આધારે પ્રથમ આરોપી અમીન નાગરીયાને બસ સ્ટેશન નજીકથી દબોચી લેવામાં આવ્યો હતો. તેની કડક પૂછપરછમાં આખી ગેંગના નામો ખુલ્યા હતા. જે બાદ પોલીસે આ ગુનામાં સંડોવાયેલાઅમીન અજીતભાઈ નાગરિયા (ઉં.વ. ૪૩, રહે. રાજકોટ), સંજય બટુકભાઈ દેત્રોજા (ઉં.વ. ૪૨, રહે. રાજકોટ), સ્વસ્તિક સૂર્યવલી ઉપાધ્યાય (ઉં.વ. ૩૨, રહે. રાજકોટ), અમીન અબ્દુલ તેરૈયા (ઉં.વ. ૫૫, રહે. જામનગર), મુકેશ જસુભાઈ વાળા (ઉં.વ. ૬૨) ને ઝડપી લીધા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ગેંગ લાંબા સમયથી સક્રિય હતી. તેઓ અત્યાર સુધી નાની-મોટી પાકીટમારી કરતા હતા જેમાં રકમ ઓછી હોવાને કારણે ભોગ બનનાર મુસાફરો પોલીસ ફરિયાદ કરવાનું ટાળતા હતા. આ કારણે તેઓ લાંબા સમય સુધી પોલીસની નજરથી બચી શક્યા હતા. જોકે, છેલ્લા થોડા દિવસોમાં માધાપર બસ સ્ટેશનથી ૬૦,૦૦૦ તેમજ સેન્ટ્રલ બસ સ્ટેશનથી ૫૦,૦૦૦ અને ૧૧,૦૦૦ની ચોરી થતા પોલીસ હરકતમાં આવી હતી અને અંતે આખી ગેંગ પકડાઈ ગઈ હતી.આ ગેંગ ખાસ કરીને બસ સ્ટેન્ડ પર ભીડ હોય ત્યારે ટાર્ગેટ નક્કી કરતી હતી. જ્યારે મુસાફરો બસમાં ચડવા માટે ધક્કામુક્કી કરતા હોય, ત્યારે એક શખ્સ ધક્કો મારતો અને બીજો પલકવારમાં ખિસ્સામાંથી પર્સ સેરવી લેતો હતો. પાકીટમાર ગેંગને પકડવા અને ગુન્હાઓ ભેદવા પીએસઆઈ એસ. એમ. રાણા, એ.એસ.આઈ. બી. વી. ગોહિલ સાહિતની ટીમેં જહેમત ઉઠાવી હતી.

# જુના માર્કેટ યાર્ડ નજીક મચ્છાનગરમાં આર્થિક સંકડામણમાં પ્રૌઢનો આપઘાત

### આનંદનગર ક્વાર્ટરમાં માનસિક બીમાર યુવકે ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જુના માર્કેટ યાર્ડ નજીક મચ્છાનગરમાં પર વર્ષીય આધેડે આર્થિક સંકડામણમાં આપઘાત કરી લીધો હતો બીજી બાજુ કોઠારીયા રોડ આનંદનગર ક્વાર્ટરમાં માતાના એક માત્ર સહારો એવા ૩૫ વર્ષી ય યુવકે માનસિક બીમારીથી કંટાળીને ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લેતા ગમગીની છવાઈ જવા પામી હતી.

આ બનાવની વિગતો મુજબ, જુના માર્કેટ યાર્ડ પાછળ આવેલા મંછાનગર-૧ માં રહેતા હિતેષભાઈ હીરાભાઈ સીતાપરા (ઉ.વ.૫૨) નામના પ્રૌઢે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

બનાવ અંગે જાણ થતાં બી ડિવિઝન પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, હિતેષભાઈ છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં એક દીકરી અને બે દીકરા છે. છેલ્લા કેટલાક

સમયથી તેઓ ગંભીર આર્થિક સંકડામણ અનુભવી રહ્યા હતા, જેના ટેન્શનમાં તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે.બીજા બનાવમાં કોઠારીયા રોડ પર આવેલા આનંદનગર ક્વાર્ટરમાં રહેતા હરી બીપીનભાઈ વ્યાસ (ઉ.વ.૩૫) નામના યુવાને ઘરે પાંખના હુકમાં મફલર બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. ૧૦૮ની ટીમે ઘટના સ્થળે પહોંચી યુવાનને મૃત જાહેર કર્યો હતો. ભકિતનનગર પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતુંકે, મૃતક યુવકના પિતા હયાત નથી અને તેઓ પોતાની માતાના એકના એક સંતાન હતા. હરીની માનસિક સ્થિતિ સારી નહોતી.

ઘટના સમયે માતા નીચે હતા હરીએ ઉપરના રૂમમાં જઈ આપઘાત કરી લીધો હતો. બનાવથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

# જંગલેશ્વરમાં કુખ્યાત પિતા-પુત્રની ત્રિપુટીના બંગલા પર ફર્યુ બુલડોઝર

### પિતા-પુત્રો નામીચા બુટલેગર હોવાની છાપ,અસંખ્ય ગુનાઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં સરકારી જમીન પર ઉભેલી મિલકતો પર ફરેલા બુલડોઝરમાં કૂખ્યાત ગુનેગાર ઉમરેટિયા પિતા-પુત્રની ત્રિપુટીના બેંગલો પર પણ આજે બુલડોઝર ફરી વળ્યું હતું. રોજનું કમાઈને રોજનું ખાતા કે મહેનતની કમાણી કરતા હોવાના ગાણા ગાનારા ઉમરેટિયા પિતા-પુત્રની નામીચા બુટલેગર છાપુ છે અને દકુ સહિતના ગુનાઓ નોંધાઈ જંગલેશ્વર વિસ્તારમાં તોસીફ ઉર્ફે બાધો અસીમ ઉમરેટિયાની કૂખ્યાત બુટલેગરની છાપ છે.

તેની સામે દારૂ, મારામારી સહિતના રાજકોટ શહેર ઉપરાંત અન્ય શહેરોમાં દારૂના મળી ૧૬ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. ૨૦૧૪ની સાલમાં પાસાની હવા ખાઈ ચૂક્યો છે. જ્યારે બાધાનો ભાઈ ઈમરાન બાધાથી ચઢીતો હોય તેમ ઈમરાન ઉર્ફે ટીકડો સામે મારામારી, દારૂ સહિતના ૨૭ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

ગુનાખોર બન્ને પુત્રોની માફક તેના પિતા અસીમ હાજીભાઈ ઉમરેટિયા સામે પણ દારૂના પાંચ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. ઉમરેટિયા પિતા-પુત્ર સામે દારૂ, મારામારીના ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. હવે ડિમોલિશનમાં તેમના લાખેણા બંગલા પર પણ પોલીસે બુલડોઝર ફેરવ્યું છે. થોડા સમયથી જાણે સુધરી ગયા અથવા પોલીસે ત્રિનેત્ર ખોલ્યું હોય તેમ પિતા-પુત્રના ભક્તિનગર પોલીસ મથક વિસ્તાર ખાસ તો જંગલેશ્વરમાં દારૂ કે આવા ધંધા કન્ટ્રોલ થયા છે.

# જંગલેશ્વર અસામાજિક તત્ત્વોનો અડ્ડો હતુઃ હર્ષ સંઘવી

### ગુનેગારો અને ગુનાખોરીના આંકડાઓ નાયબ મુખ્યમંત્રી દ્વારા મીડિયા સમક્ષ રજૂ કરાયા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વરનો સર્વે કરાતા અને અનેક ગુનેગારોની હિસ્ટ્રી ચેક કરાઈ જેમાં જંગલેશ્વર અસામાજિક તત્ત્વોનો અડ્ડો હતો જે સાફ કરવાની શરૂઆત કરાઈ છે અને આ જગ્યા સામાન્ય નાગરિકો માટે ખુલ્લી મુકાઈ છે. આ શબ્દો હતા રાજકોટમાં જંગલેશ્વર વિસ્તારમાં થયેલા મેગા ડિમોલિશનને લઈને રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ ગાંધીનગર ખાતે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, જંગલેશ્વરના ટૂંકાગાળાના ગુનાઈત આંકડાઓ મુજબ ખૂનના ૮ આરોપીઓ, મારામારીના ૬૮, રેપ-અપહરણના ૧૫, ગેરકાયદે મંડળી રચી ગુનાખોરી કરવાના ૮૯, ચોરી, લૂંટ, પરફોડીના ૩૭ કેસમાં ૭૨ આરોપી, રાજકોટમાં ૧૮૭ શખસોના પાસા થયા જેમાં ૫૮ શખસો જંગલેશ્વરના હતા.

જંગલેશ્વરમાંથી ૪૭૨ કિલો ગાંજો, ૮ કિલો ચરસ, ૩૩ ગ્રામ હેરોઈન સહિતના ડ્રગ્સ પણ પકડાયા છે. છેલ્લા આઠ વર્ષમાં ૬૨ હથિયાર સાથે ૬૪ જણા પકડાયા. ૧૦ વર્ષમાં જુગારના ૬૫ અડ્ડા પકડાયા. આમ, જંગલેશ્વર અનેક ગુનેગારોનો અડ્ડો બની ગયું હતું.

ટપોરીઓ, દાદાગીરી કરતા શખસો ખુલ્લા પ્લોટો પર કબજો જમાવી લેતા હતા, ત્યાં મકાનો બનાવી ભાડે આપતા હતા. કેટલાક એવા ગુનેગારો છે કે, ચાર-ચાર માળના બંગલાઓ બનાવી લીધા. જંગલેશ્વરમાં ફેઈઝ-૧ ડિમોલિશન કામગીરી પૂર્ણ થશે અને આ જગ્યા સંપૂર્ણપણે દબાણમુક્ત કરીને લોકોના હિતમાં ખુલ્લી મુકાશે. તેઓએ કોઈપણ ખૂણે અસામાજિક કે ગુનેગારોને આવા દબાણો હશે તો સરકાર છોડશે નહીં કહીને ગુનેગારોને સુધરી જવાનો પણ એક સંદેશો આપ્યો છે. નાયબ મુખ્યમંત્રી સાથે પ્રેસ કોન્ફરન્સમાં રાજકોટના ધારા-સભ્ય ઉદય કાનગડ જોડાયા હતા.

# માંડાડુંગર પાસે રહેતી રિક્ષા ગેંગની સાગ્રીત મહિલા પાસામાં ધકેલાઇ : જેલહવાલે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મુસાફરોને રિક્ષામાં બેસાડી ઉલ્ટી ઉબકાનું નાટક કરી પૈસા, મોબાઈલ તફડાવી લેતી રિક્ષાગેંગની સાગ્રીત મહિલાને પાસા તળે જેલમાં ધકેલી દેવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ આજીડેમ ચોકડીથી આગળ માંડા ડુંગર પાસે રઘુનંદન પાર્ક મેઈન રોડ પર અનીલભાઈ દેવીપૂજકના મકાનમાં ભાડેથી રહેતી કાજલ ધીરૂભાઈ રાઠોડ (ઉ.વ.૩૦) જેના પતિનું નામ કિશન વિનુભાઈ દેત્રોજા છે તેણીનો ઈ-ગુજકોપમાં ગુનાહિત ઈતિહાસ આજીડેમ પોલીસે ચેક કરતાં તેણી અગાઉ રિક્ષાગેંગ સાથે ગુના આચરી ચુકી હોઈ તેની સામે પાસાની કાર્યવાહી કરવા જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાદવની રાહબરીમાં દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જેને પોલીસ કમિશનર બ્રજેશકુમાર



ઝાએ મંજુર કરી અમદાવાદ જેલહવાલે કરવા આદેશ કર્યો હતો. પાસા વોરન્ટ બજવણીની કામગીરી આજીડેમ પીઆઈ એ. બી. જાડેજા, લક્ષ્મણભાઈ મકવાણા, મેરૂભા ઝાલા અને ડી. સ્ટાફની ટીમે કરી હતી. કાજલ રાઠોડ અગાઉ રિક્ષાગેંગ સાથે ભળીને મુસાફરની રોકડ ચોરી લેવાના ગુનામાં સામેલ હતી. ઉલ્ટી ઉબકાનું નાટક કરી જે તે મુસાફર સાથે ધક્કામુક્કી કરી તેની રોકડ સેરવી બાદમાં તેને બહાનુ કરી ઉતારી મુકી ટોળકી ભાગી જતી હતી.

# જેતપુરના નવાગઢમાં ૫ વર્ષની માસૂમ બાળકી પર પાડોશી નરાધમે આચર્યું દુષ્કર્મ

### એકલતાનો લાભ ઉઠાવી ૪૫ વર્ષીય દિવ્યાંગ શખ્સે માસૂમનું જીવન પીંખ્યું : પોલીસે ગણતરીની કલાકોમાં જ આરોપીને દબોચ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરના નવાગઢ વિસ્તારમાં રહેતી એક પાંચ વર્ષની માસૂમ બાળકી પર પાડોશમાં જ રહેતા ૪૫ વર્ષીય દિવ્યાંગ શખ્સે દુષ્કર્મ આચરતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. બાળકીને ઘરે રમવા બોલાવી હેવાન બનેલા શખસે પોતાની હવસ સંતોષી હતી. જોકે ઘટનાની જાણ થતાં જ પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નવાગઢ વિસ્તારમાં રહેતા પરિવારની પાંચ વર્ષની દીકરી તેના પાડોશમાં રહેતા એક પરિવારના ઘરે અવારનવાર રમવા જતી હતી. આ પાડોશમાં એક વૃદ્ધા અને તેનો ૪૫ વર્ષી ય પુત્ર જીતુ દેવજીભાઈ ભોજાણી રહેતા હતા. રવિવારે જ્યારે બાળકી રમવા માટે પાડોશમાં ગઈ ત્યારે આરોપીની માતા અન્ય મકાને ગયેલ હોય ઘરે કોઈ હાજર નહોતું. આ એકલતાનો લાભ ઉઠાવી નરાધમ જીતુએ બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. બનાવ બાદ ડરી ગયેલી બાળકીએ ઘરે જઈને માતાને પોતાની આપવીતી વર્ણવી હતી.

બાળકીએ તેની માતાને જણાવ્યું હતું કે, ''અમે ત્યાં કપડાં ઉતારવાની રમત રમતા હતા.'' બાળકીની આ માસૂમ અને નિર્દોષ કબૂલાત સાંભળીને માતા-પિતાના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. બાળકીની સ્થિતિ અને તેની વાત પરથી પરિવારને અહેસાસ થયો કે તેમની દીકરી હવસનો શિકાર બની છે. પરિવારે તાત્કાલિક બાળકીને સારવાર માટે હોસ્પિટલ ખસેડી હતી.

બનાવની ગંભીરતાને જોતા જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકના પીઆઈ એ.એમ. હેરમા અને તેમની ટીમે તુરંત આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ મુજબ ગુનો નોંધી ગણતરીની કલાકોમાં જ આરોપી જીતુ દેવજીભાઈ ભોજાણીની ધરપકડ કરી લીધી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ૪૫ વર્ષીય આરોપી પોતે દિવ્યાંગ છે અને અપરિણીત હોવાથી તેણે પોતાની હવસ સંતોષવા માસૂમ બાળકીને નિશાન બનાવી હતી. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# રેલનગરમાં ભંગારના બે ડેલામાં ભીષણ આગઃ લાખોનું નુકસાન




**મુખ્ય સમાચાર, રાજકોટ**


શહેરના રેલનગર વિસ્તારમાં આવેલી લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપ નજીક વહેલી સવારે સ્ક્રેપ અને પેપર વેસ્ટના બે ડેલામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટા દૂર-દૂર સુધી દેખાતા હતા. આ દુર્ઘટનામાં બંને ડેલામાં રહેલો લાખોનો મુદ્દામાલ બળીને ખાખ થઈ ગયો છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, રેલનગર લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપ સામે આવેલા 'લક્કી એન્ટરપ્રાઈઝ' નામના ભંગારના ડેલામાં સવારે પાંચેક વાગ્યે અગમ્ય કારણોસર આગ લાગી હતી. જોતજોતામાં આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને પવનના કારણે જ્વાળાઓ બાજુમાં જ આવેલા 'મનદીપ પેપર ટ્રેડ' નામના ડેલા સુધી પ્રસરી ગઈ હતી. પેપર વેસ્ટનો જથ્થો હોવાથી બંને ડેલામાં આગની જ્વાળાઓ આકાશને આંબવા લાગી હતી.

બનાવની જાણ થતા જ મુખ્ય ફાયર સ્ટેશન, બેડીપરા અને રેલનગર ફાયર સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર ઓફિસર ભૂપત જસાણી અને તેમની ટીમ દ્વારા ૮ જેટલા ફાયર ફાઈટરો વડે સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. સવારે ૫ વાગ્યે લાગેલી આગ બપોરે કાબૂમાં આવી હતી. મનદીપ પેપર ટ્રેડના માલિક પરાગભાઈ કોઠના જણાવ્યા અનુસાર, બાજુના ડેલામાં લાગેલી આગ તેમના ડેલા સુધી પહોંચી હતી, જેમાં પેપર વેસ્ટનો મોટો જથ્થો અને અન્ય ચીજવસ્તુઓ બળીને રાખ થઈ ગઈ છે. જોકે નુકસાનીનો ચોક્કસ આંકડો હજુ જાણી શકાયો નથી, પરંતુ લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું અનુમાન છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# સહકારનગર મેઈન રોડ પર યુવકને છરીના ઘા ઝીંકી ખુની હુમલો

### હસનવાડી શેરી નં.૩માં નંદ કુરિયરમાં નામચીન શખ્સ અને તેના સાગરિતે મચાવ્યો આતંક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સહકારનગર મેઈન રોડ પર હસનવાડી શેરી નં.૩માં કુરિયરની દુકાનમાં ધસી આવી બે શખસે યુવકને છરીના ઘા ઝીકી દેતાં ગંભીર હાલતમાં તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે વધુમાં જાણવા મળેલી વિગત પ્રમાણે હસનવાડી શેરી નં.૩માં આવેલા નંદ કુરિયરમાં નોકરી કરતો અને પોપટપરામાં રહેતો અમન કાસમભાઈ ચાનીયા દુકાન પર હાજર હતો ત્યારે અગાઉ મારામારી સહિતના અનેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો ગટિયો તેમજ તેનો સાગરીત ભગત સાંજના સમયે અમનના શેઠ સાથે માથાકૂટ કરીને ચાલ્યા ગયા હતા. આ પછી થોડી વારમાં બન્ને ફરી ધસી આવ્યા હતા અને માથાકૂટ શરૂ કરી હતી.

આ પછી ગટિયાએ તેની પાસે રહેલી છરીથી અમનને ઉપરાછાપરી ઘા ઝીકી દેતાં અમનને ગંભીર હાલતમાં હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. આ માથાકૂટ કયા કારણોસર થઈ અને બન્ને આરોપીને પકડવા માટે ભક્તિનગર પોલીસ મથકની ટીમે દોડધામ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં ખુલ્યા પ્રમાણે ગટિયો અને ભગત બન્ને ખંડણીના ઈરાદે કુરિયરની દુકાને આવ્યા હોવાનું લાગી રહ્યું છે આમ છતાં સાચું કારણ જાણવા પોલીસે તપાસ આરંભી છે.